یاحسین یاحسین

السلام علیك

یا فاطمة الزهراء علیها السلام

پنجتن پاک

محمد | علی | فاطمة | حسن | حسین

# યુસુફે ઝહરા

# ઈ. મહદી અ.સ.

## ની ખિદમતમાં

# મજલિસે અઝા




## ભાગ 22

(18 મજલીસો : 18 બની હાશિમના મસાએબ)


સંકલન અને પ્રકાશક :

યુસુફે ઝહરા પબ્લિકેશન, મહુવા

# યુસુફે ઝહરા

## ઈમામ મહદી (અ.સ.)ની
## ખિદમતમાં મજલીસે ઈમામ હુસૈન (અ.સ.)
## (ભાગ-22)

(મજલીસ પઢવામાં ઉપયોગી વાકેઆત અને
18 બની હાશિમના મસાએબ)

આ કિતાબનો સવાબ શોહદાએ કરબલા અને 14 મઅસુમીન (અ.મુ.સ.)ની
ખિદમતમાં હદીયો કરીએ છીએ.

હદીયો : વકફ


: સંકલન અને પ્રાપ્તિસ્થાન :

**યુસુફે ઝહરા પબ્લીકેશન**

**૧૦૧/૭, કાઝમૈન સોસાયટી, ફાતેમા સોસાયટી રોડ,**

**નાયરા પેટ્રોલ પંપ પાસે, મહુવા-૩૬૪૨૯૦**

**મો. નં. ૭૫૬૭૩૮૨૨૨૦**

www.yusufezehra.com

# <u>અનુક્રમણિકા</u>


| ક્રમ | વિગત | પાના |
|---|---|---|
| 1 | **મજલીસ 1**<br>મજલીસે અઝાની અઝમત અને મજલીસ કરવાથી 3 દુઆ કબુલ થઈ... | 4 |
| 2 | **મજલીસ 2**<br>ન્યાઝમાં ચા પીવાની બરકતથી અને ઈમામ હુસૈન (અ.સ.)થી તવસ્સુલથી શિફા | 9 |
| 3 | **મજલીસ 3**<br>જ. ઝહરા (સ.અ.)ની દુઆ અને ઝવ્વારે હુસૈન (અ.સ.)નું જીવંત થવું | 13 |
| 4 | **મજલીસ 4**<br>ઈમામ હુસૈન (અ.સ.) માટે બીજાને રડાવવાનો સવાબ | 16 |
| 5 | **મજલીસ 5**<br>ઈમામ રેઝા (અ.સ.)ની ઝવ્વાર પર ઈનાયત અને ઈબ્રાહીમ પોકેટમારની તૌબા | 19 |
| 6 | **મજલીસ 6**<br>ન્યાઝે હુસૈન(અ.સ.)ની બરકતથી હાજત પુરી થઈ, ખાકે શિફાની બરકત થી મગ્ફેરત | 24 |
| 7 | **મજલીસ 7**<br>જનાબે કાસીમ (અ.સ.)થી તવસ્સુલ , ઈમામની નુસરતની તમન્ના | 27 |
| 8 | **મજલીસ 8**<br>હઝરત અબ્બાસ અ.સ.થી તવસ્સુલ અને મૌલા અબ્બાસ (અ.સ.)ના મસાયેબ | 30 |

| | | |
|---|---|---|
| 9 | **મજલીસ 9**<br>હઝરત ઝહરા (સ. અ.)થી તવસ્સુલ અને સખ્ત દર્દથી શિફા મળી | 36 |
| 10 | **મજલીસ 10**<br>અઝાદારી એ નજાતનો બેહતરીન ઝરીયો છે | 40 |
| 11 | **મજલીસ 11**<br>હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.)ના મોઅજીઝા... | 45 |
| 12 | **મજલીસ 12**<br>રસુલ (સ.અ.વ.)નો અમામો અને સાઈલનું કર્ઝ અદા થવું | 49 |
| 13 | **મજલીસ 13**<br>ઈમામ સજ્જાદ (અ.સ.) ની અતા અને મોઅમીનની મુસીબતનું દુર થવું | 52 |
| 14 | **મજલીસ 14**<br>અલ્લામા અમીનીએ કાગળ પર યા અલી લખ્યું કે જેનાથી મરીઝને શિફા મળી ગઈ | 55 |
| 15 | **મજલીસ 15**<br>હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની ઇનાયતથી કેન્સરથી શિફા | 57 |
| 16 | **મજલીસ 16**<br>ખાકે શીફાની બરકતથી શિફા | 59 |
| 17 | **મજલીસ 17**<br>એક વેપારીનું ઈમામ અલી રેઝા(અ.સ.)થી તવસ્સુલ અને ઈમામ (અ.સ.)ની મદદ | 63 |
| 18 | **મજલીસ 18**<br>અઈમ્મા(અ.મુ.સ.)ની વિલાયતને કબૂલ કરવાનું મહત્વ | 69 |
| 19 | અઝાદારી હદીસો | 80 |

બીસ્મિલ્લાહિર રહમાનીર રહીમ      બીસ્મેહી તઆલા વ બે ઝીક્રે વલીય્યેહી

# મજલીસ 1

# મજલીસે અઝાની અઝમત અને મજલીસ કરવાથી 3 દુઆ કબુલ થઈ...

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે : **ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્નજાત.** યકીનન ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. માત્ર ઈમામ હુસૈન (અ.સ.) નહિ પરંતુ એ દરેક ચીજ જે ઈમામ હુસૈન (અ.સ.) થી મનસુબ હોય જેમ કે મજલીસે અઝા, ખાકે શિફા, માતમે હુસૈન , ઝીયારતે હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. એક વાકેઓ સાંભળીયે..

એહલેબૈતના શાયર હાજી અહમદ ખુરાસાની કિરમાન શહેરમાં આવ્યા હતા. તેઓએ શેખ રઈસના ઘરે એક વાકેઓ વર્ણવ્યો કે:"ઘણા વર્ષો પહેલા મારી સાથે એક એવો બનાવ બન્યો હતો કે હું એટલો કર્ઝદાર થઈ ગયો કે છેલ્લા બે વર્ષથી મજલીસે અઝા બર્પા કરી શક્યો ન હતો.

એક રાત્રે હું ખ્વાબમાં હઝરત ઈમામ મહદી(અ.ત.ફ.શ.)ની પવિત્ર ખિદમતમાં પહોંચ્યો અને અરજ કરી: "આકા! મારા વાલેદૈનની મગફેરત માટે દુઆ કરજો. આકા! હું ખાનએ કાઅબા (મક્કા) જવા ઈચ્છું છું. આકા! હું ઘણો જ કર્ઝદાર છું, મારું કર્ઝ અદા કરવા ઈચ્છું છું."

ઈમામે પુછ્યુ: "**તમે છેલ્લાં બે વર્ષથી શા માટે મજલીસે અઝા ન કરી?**

મેં અરજ કરી કે હું એટલો બધો કર્ઝમાં ડૂબેલો હતો કે મજલીસે અઝા આયોજન ન કરી શક્યો. ઈમામે ફરમાવ્યું: "અમારા જદ્દની અઝાદારીનો ખર્ચો અમારા ઉપર છે, એ તમારા માટે ચિંતાનો સબબ નથી. તમારુ કર્ઝ પણ અદા કરી દેવામાં આવશે, તમે મક્કા જશો અને અલ્લાહ તમારા વાલેદૈનની મગફેરત કરશે."

હું ખ્વાબમાંથી બેદાર થયો અને મજલીસે અઝા બર્પા કરવા માટેની તૈયારી શરૂ કરી. મેં મજલીસે અઝા બર્પા કરી અને તેનો કુલ ખર્ચ ૬00 તુમાન થયો. અમુક દિવસ પછી મેં એક વેપારમાં બીઝનેસમાં બરાબર ૬00 તુમાનનો નફો મળ્યો. પછી થોડા દિવસોમાં ૧૫00 તુમાનનો નફો થયો. આ પછી હું મક્કા ગયો અને થોડાક સમયમાં જ મારું કર્ઝ પણ અદા થઈ ગયું.અમુક સમય પછી મેં મારા વાલિદને ખ્વાબમાં જોયા અને તેમની હાલત વિશે પૂછ્યું. તેઓએ કહ્યું: "હું કૈદમાં હતો, પરંતુ હવે હું કૈદમાંથી આઝાદ થઈ ગયો છું. એટલે કે મારા વાલીદની મગ્ફેરત થઇ ગઈ."

**મજલીસે અઝા કરવાથી તેમની 3 દુઆ કબુલ થઈ.(1) કર્ઝ અદા થઈ ગયું. (2.) ખાને ખુદા ની ઝિયારત નસીબ થઈ , (3) વાલેદૈનની મગ્ફેરત થઈ.**

(જુર્રેઈ અઝ કરામાતે ઈમામ હુસૈન પેજ 38-39)

## <u>મજલીસે અઝાની અઝમત અને તેમાં બિછાવેલી કાર્પેટની કિંમત</u>

આ મજલીસે અઝા એક બહુ મોટી નેઅમત છે. આ ફર્શે અઝા પર મલાયેકા તશરીફ લાવે છે. ફર્શે અઝા જ્યાં બીછાવામાં આવે છે, તે ગાલીચો પણ એક અઝમત ધરાવે છે. આવો એક વાકેઓ સાંભળીયે.

ઈમામ હુસૈન (અ.સ.)ની મજલીસથી મન્સુબ દરેક વસ્તુ કિંમતી બની જાય છે. કિતાબ ‘કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ’ના લેખક લખે છે કે ઈસ્વી સન 2015 માં અરબઈનના મૌકા પર હું કરબલામાં હતો. અરબઈનના બે દિવસ પછી મગરીબ-ઈશાની નમાઝ બાદ જ્યારે હું "બયનુલ હરમૈન" (ઈમામ હુસૈન(અ.સ.) અને હઝરત અબ્બાસ(અ.સ.)ના હરમની વચ્ચેનો ભાગ)માં હતો, ત્યારે એહલબૈત(અ.સ.)ના મોહીબ જનાબ હાજ આકા હૈદર ખુલુસ સાથે મજલીસની ખિતાબતમાં બયાન કરી રહ્યા હતા કે:

એક માણસે તેમને કહ્યું કે અમુક વર્ષ પહેલા હું યઝ્દ નામના શહેરમાં કર્ઝ્દાર થઈ ગયો હતો અને મારી પાસે માલની તંગી હતી અને કોઈ ચીજ ધરાવતો ન હતો સિવાય કે એક કાર્પેટ કે જેનો એક ખૂણો બળેલો હતો જેના લીધે તે ખાસ કિંમત ધરાવતું ન હતું.  છતા હું એ કાર્પેટ વેચવા બજારમાં ગયો. પ્રથમ દુકાનદારને બતાવ્યું, તો તેણે કહ્યું કે જો આ બળેલું ન હોત તો હું ૫ લાખ તુમાન આપી શકત, પણ હવે જ્યારે આ બળી ગયેલું છે તો હું તેને ૧ લાખથી દોઢ લાખ તુમાનમાં ખરીદવા તૈયાર છુ, અગર તમે રાજી હો તો હું તમારી પાસેથી આ કાર્પેટ ખરીદી લઉં. મેં કહ્યું કે હું ખૂબ જ મુશ્કેલીમાં છું, અગર શક્ય હોય તો વધારે રકમમાં ખરીદી લ્યો, તો તે દુકાનદારે કહ્યું કે આનાથી વધારે કિંમત શક્ય નથી.

પછી મેં વિચાર્યું કે હું બીજી અમુક દુકાને જાવ તો શાયદ મને વધારે કિંમત મળી જશે. હું બીજી અમુક દુકાને ગયો પણ દરેકે મામુલી ફેરફાર સાથે પહેલા દુકાનદાર જેવી જ કિંમત જણાવી.

અંતે જ્યારે હું એક દુકાને ગયો તો દુકાનદારે કાર્પેટ જોઈને કહ્યું: અફસોસ! આવી સુંદર અને ઉમદા નકશીવાળી કાર્પેટના ખૂણાને તમે બાળી નાખ્યા અને તેની સંભાળ ન રાખી?

મેં કહ્યું કે મેં ઈમામ હુસૈન(અ.સ.)ની મજલીસ રાખી હતી. આ કાર્પેટ પર મણખો (અંગારાવાળું વાસણ) મુક્યો હતો જેમાં હું ચા બનાવી રહ્યો હતો. અચાનક મણખો પલટી ગયો અને તેના લીધે આ કાર્પેટ સળગી ગઈ.

દુકાનદાર તરત જ ઉભો થઈ ગયો અને આશ્ચર્યથી પૂછ્યું: "શું કહ્યું? આ કાર્પેટ ઈમામ હુસૈન (અ.સ.)ની મજલીસમાં બળી ગઈ  ?"  મેં કહ્યું: "ખુદાની કસમ! હું સાચું કહી રહ્યો છું."

ત્યારે દુકાનદારે કહ્યું: "જો આ કાર્પેટ ન બળ્યું હોત તો એની કિંમત ૫ લાખ તુમાન હતી. પણ હવે જ્યારે એ ઈમામ હુસૈન(અ.સ.)ની મજલીસમાં

બળ્યું છે, તો એની કિંમત વધારે થઈ ગઈ છે. હું એના માટે તમને ૧૦ લાખ તુમાન આપું છું!"

મને નવાઈ લાગી એટલે મેં પુછ્યું કે તમે મારી સાથે મજાક તો નથી કરી રહ્યાને? દુકાનદારે કહ્યું કે "ખુદાની કસમ, હું સાચું બોલી રહ્યો છું. મારી પાસે વધુ રકમ હોત તો હું વધુ પણ આપત." દુકાનદારે મારી કાર્પેટ લીધી અને મને ૧૦ લાખ તુમાન આપ્યા.

કોઈએ દુકાનદારને પુછ્યું કે "શા માટે તે આ બળેલી કાર્પેટને તેની યોગ્ય કિંમત કરતા વધારે કિંમતમાં ખરીદ કરી?" દુકાનદારે જવાબ આપ્યો કે "હું ચાહું છુ કે ક્યામતના દિવસે હઝરત ફાતેમા ઝહરા (સ.અ.)ને અર્ઝ કરુ કે મેં એ ફર્શ કે જે ઈમામ હુસૈન(અ.સ.)ની મજલીસમાં બળ્યુ હતુ, તેને તેની મુળ કિંમત કરતા પણ વધારે કિંમતમાં ખરીદેલુ છે. તો હવે તમે પણ મારુ બળેલું દિલ તમારા હુસૈન(અ.સ.) માટે વધુ કિંમતે ખરીદી લો. તે કાર્પેટ બળી જવાના લીધે કિંમતી રહયું ન હતું અને હું પણ મારા ગુનાહોના લીધે કિંમતી નથી રહ્યો પણ તમારા હુસૈન(અ.સ.)ની મઝલુમીય્યતમાં ગમગીન રહેવાના અને તેમની પર આંસુ વહાવવાના લીધે તમે મને ખરીદી લો."

(કિતાબ : કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ )

આ મજલીસે અઝા બેહતરીન નેઅમત છે અને અઝીમ સવાબ અને બરકત રાખે છે. કરબલાના મહાન શહીદ હબીબ ઈબ્ને મઝાહિર મજલીસે અઝામાં શિરકત કરવાની તમન્ના રાખે છે.

"અલ મજાલીસ અલ હસનાહ" નામની કિતાબમાં છે કે :એક આલિમે આ કિસ્સો બયાન કર્યો કે એક નેકબખ્ત અને સાલેહ ઈન્સાને એક રાતે સ્વપ્નમાં હઝરત હબીબ ઈબ્ને મઝાહિર અસદી (અ.)ને જોયા.તેમણે હઝરત હબીબને કહ્યુ: "મારા સરદાર હબીબ! તમારું નસીબ તો દરેક રીતે ભવ્ય

અને મહાન છે! તમે એ સહાબી છો જેમણે ખુદ રસુલલ્લાહ સ.અ.વ.ની મુલાકાત કરી છે, તેમની હદીસો સાંભળી છે.!

તમે કૂફા આવ્યા, અમીરુલ મોઅમેનીન અલી (અ.સ.)નો સાથ મેળવી લીધો અને આખરે કરબલામાં શહીદ થયા.! તમે તો શહીદોના સરદાર છો ! ન તો કોઈ તમારાથી આગળ ગયો છે, ન તો કોઈ તમને પહોંચી શકે છે.! આ શહાદત પછી તમારી કબ્રનો મકામ પણ એવો છે કે ઈમામ હુસેન (અ.સ.)ના ઝાએરો પહેલા તમારી જ ઝિયારત કરે છે અને જતા સમયે ફરી તમને સલામ કરે છે.! તમારો મકામ જન્નતમાં અઅલા ઈલ્લીયીનમાં છે, નબીઓ, સિદ્દીકો અને સાલેહીન સાથે. કેટલો શાનદાર છે તમારો સાથ! તો હવે શું તમારાં દિલમાં કોઈ હજી તમન્ના બાકી છે? શું તમારું કોઈ એવું ખ્વાબ છે જે હજુ પુરું ન થયુ હોય?"

હઝરત હબીબે ફરમાવ્યું: "હા મને એક જ તમન્ના છે, કે કાશ હું દુનિયામાં ફરી પાછો જાઉં, મોઅમીનોની સાથે મજલીસે હુસૈનીમાં હાજર રહુ, ગિર્યા કરવાવાળાઓની સાથે ગિર્યા કરું, અને નોહાખ્વાનોની સાથે માતમમાં હિસ્સો લઉં...." (અલ મજાલેસલ હસનાહ, મોઅલ્લિફ: અહમદ હકીમ, પેજ 123)

## <u>બની હાશીમના શહીદ : 1. અબ્દુલ્લાહ બિન મુસ્લિમ બિન અકીલ(અ.સ.)</u>

અસહાબ અને અન્સારની શહાદત પછી બનીહાશીમના ખાનદાનમાંથી અલી (અ.સ.) ના ભાઈ જ અકીલ (અ.સ.)ના પૌતા અને જ. મુસ્લિમના મોટા ફરઝંદ અબ્દુલ્લાહ બિન મુસ્લિમ બિન અકીલ(અ.સ.) એ ઈમામ હુસૈન અ.સ.થી જંગની ઈજાઝત લીધી.

ઈતિહાસકારોએ લખ્યું છે કે આપે નિરંતર ત્રણ હુમલા કરીને દુશ્મનના ૯૮ સિપાહીઓને જહન્નમ વાસિલ કરી દીધા. (વસીલતુદ દારૈન પા-૨૩૧)

જ્યારે આપ અમ્ર બિન સબીહ પર ઝપટ્યા તો તેણે આપની તરફ તીર ચલાવ્યું. આપે જ્યારે એહસાસ કર્યો કે આ બદબખ્તે પેશાનીને નિશાની બનાવી છે તો આપે પેશાનીને બચાવવા માટે પેશાની પર હાથ રાખી દીધો. પરંતુ તીર હાથ પર કાણું પાડીને પેશાનીમાં ચાલ્યું ગયું. આપે હાથ અલગ કરવા ચાહ્યો પણ અલગ ન થઈ શક્યો. તે જ વખતે અમ્ર બિન સબીહે આપના દિલ પર ભાલો માર્યો અને આપને શહીદ કરી દીધા.

(ઈરશાદ શેખ મુફીદ ભાગ-૨, પા-૧૦૭માં લખ્યું છે કે જનાબે મુખ્તારે કોઈને ઝૈદ બિન રૂકાદ પાસે મોકલ્યો. તે કહેતો હતો કે મેં આ જવાનને તીર માર્યું જેણે પોતાની પેશાની પકડી રાખી હતી. તે જવાનનું નામ અબ્દુલ્લાહ બિન મુસ્લિમ હતું. મેં બીજું તીર માર્યું પછી તેની પાસે જઈને જોયું તો તે મૃત્યુ પામ્યા હતા. મેં ચાહ્યું કે તીર તેમની પેશાની પરથી ખેંચી લઉં. હલાવીને તીર ખેંચી લીધું. પરંતુ તેની નોક ત્યાં જ ટુટી ગઈ. મુખ્તારના માણસોએ આ મોટા જુર્મના બદલામાં તેના પર તીર અને પથ્થર વરસાવ્યા. અને જ્યારે તે જમીન પર પડી ગયો તો તેને જીવતો સળગાવી દીધો.

## મજલીસ 2

## ન્યાઝમાં ચા પીવાની બરકતથી અને ઈમામ હુસૈન (અ.સ.)થી તવસ્સુલથી શિફા

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે: **ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્નજાત.** યકીનન ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. માત્ર ઈમામ હુસૈન (અ.સ.) જ નહિ પરંતુ એ દરેક ચીજ જે ઈમામ હુસૈન (અ.સ.)થી મનસુબ હોય જેમ કે મજલીસે અઝા, ખાકે શિફા, ગમે હુસૈનમાં વેહતા આંસુ , તેમજ ઈમામની મદદ કરવાની તમન્ના પણ હિદાયત અને નજાતનું કારણ બને છે .આવો એક વાકેઓ સાંભળીયે ..

## <u>ન્યાઝમાં ચા પીવાની બરકતથી ડાયાબિટીસની બીમારીમાંથી એક ઝવ્વારને શિફા મળી જાય છે.</u>

હઝરત આયતુલ્લાહ હાજી શેખ અબ્દુલજવ્વાદ અશરફી, જે કુમના મુદર્રીસ અને ઓલમામાંથી છે, તેઓ ઘણી મોટી ઉમ્રના અને ડાયાબીટીસના રોગથી પીડાતા હતા. તેમનું શ્યુગર સતત ઉપર-નીચું થતું રહેતું હતું, તેથી વિમાનમાં મુસાફરી કે પગપાળા યાત્રામાં તેમને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. છતાંય તેમને અર્બઈનની ઝિયારત અને આ નૂરાની રસ્તા પ્રત્યે એટલો બધો લગાવ હતો કે તેમણે આ ઝિયારતમાં હિસ્સો લેવાનો મક્કમ ઈરાદો કર્યો અને ઝિયારતમાં શરીક થયા.

તેમણે  કહ્યું : "જ્યારે હું થોડાં મૌકિબ આગળ ગયો, ત્યારે એક મૌકિબમાં ઝાએરીનને ચા પીવડાવવામાં આવતી હતી. મેં પણ ચા લેવા ઈચ્છી, પણ જોવામાં આવ્યું કે તેઓ ગ્લાસ ધોવા માટે લગભગ બે લિટર પાણી ભરેલા એક જ વાસણનો ઉપયોગ કરે છે, અને ઘણાં સમયથી એ પાણી બદલયું નથી અને તેનો રંગ પણ બદલાય ગયો હતો.એક પળ માટે મેં વિચાર્યું કે આવી  સ્થિતિમાં ચા પીવી રોગ ફેલાવી શકે છે, એટલે પાછો વળી ગયો.

થોડાં પગલાં આગળ જઈને મેં મનોમન વિચાર કર્યો કે: 'આ બધું તો ઈમામ હુસૈન(અ.સ.) માટે છે.' પછી પાછો વળી અને ઈમામ હુસૈન (અ.સ.) પાસેથી શિફાની નિય્યત સાથે ચા લીધી. ચા પીતા પહેલા મેં મનમાં અરજ કર્યું: 'અય મૌલા, હું આ શિફાની નિય્યતથી પીઉ છું'

ચા પીધા બાદ મેં ચાલવાનું શરૂ રાખ્યું અને ત્યારબાદ એ શુગરની બીમારીના કોઈ લક્ષણ મારામાં જોવા મળ્યાં નહીં. આજે ચાર વર્ષ થઈ ગયા છે અને એ બીમારી ફરીથી આવી નથી. મને અરબઈનની મશી (પગપાળા

ચાલવા)ની બરકતથી શિફા મળી છે અને દર વર્ષે હું આ મોટા પાયે યોજાતી મુબારક ઝિયારતમાં ભાગ લેવા માટે ખુશનસીબ થાઉં છું."

(કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ દાસ્તાન્હાયે
પ્યાદા રવી અરબઈને હુસૈની દાસ્તાન 13)

## ઈમામ હુસૈન (અ.સ.)થી તવસ્સુલ અને શિફા

શૈખ અબૂ જાફર નિશાપૂરી (રહમતુલ્લાહે અલૈહે)થી રિવાયત છે:એક વર્ષે હું મારા કેટલાક મિત્રો સાથે હઝરત સૈયદુશ્શોહદા (અ.સ.)ની ઝિયારત માટે અમારા ગામ અને વતનમાંથી નીકળ્યો.જ્યારે અમે કરબલા શહેરથી બે-ત્રણ ફરસખ (અંદાજે ૧૨-૧૮ કિમી) દૂર હતા, ત્યારે અમારા સાથીઓમાંના એક સાથીનું શરીર અચાનક સુકાઈ ગયું અને પેરાલિસિસ લકવો થઈ ગયો અને તે ધીમે ધીમે એકદમ લાચાર થઇ ગયો. જાણે તે માત્ર માંસનો એક ટુકડો બની ગયો હોય.

આ સ્થિતિમાં તે ખૂબ જ પરેશાન થઈ ગયો અને અમને વિનંતી કરીને અને કસમ ખવડાવીને કેહતો રહ્યો કે મહેરબાની કરીને મને અહીં છોડતા નહીં, મને પણ તમારી સાથે કરબલા લઈ જાવ. એક સાથીએ હિંમત બતાવી અને તેની સેવા કરી, તેની દેખભાળ રાખી અને તેને એક જાનવર પર બેસાડીને અમે તેને લઈને કરબલામાં પ્રવેશ કર્યો.

જ્યારે અમે પવિત્ર રૌઝા (હરમ)માં પહોંચ્યા, ત્યારે તેને એક કાપડમાં બાંધીને બે લોકોએ કાપડના બે છેડા પકડીને હઝરત સૈયદુશ્શોહદા (અ.સ.)ની કબ્ર તરફ ઉચકીને લઈ ગયા. તે લાચાર વ્યક્તિ દોઆ માંગી રહ્યો હતો, રડી રહ્યો હતો અને હઝરત હુસૈન (અ.સ.)ના વસીલા સાથે અલ્લાહને બુલંદ આવાઝ સાથે મુનાજાત કરી રહ્યો હતો કે "અય પરવરદિગાર! મૌલા હુસૈન (અ.સ.)ના વાસ્તે મને શિફા અતા કર."

પછી જ્યારે તે કાપડ જમીન પર મૂક્યું, ત્યારે એ માણસ ઊભો થઈને બેસી ગયો, પછી ઊભો થઈને ચાલવા લાગ્યો - જાણે કે એ બંધનમાંથી મુક્ત થઈ ગયો હોય. અને સંપૂણ સાજો થઈ ગયો.

(કરામતુલ હુસૈનીય્યાહ, ભાગ ૧, કરામત ૧૦)

## મજલીસે અઝામાં વેહતા આંસુ...

અબ્દુલ્લાહ નામનો શખ્સ રીવાયત કરે છે કે મોહરમની 11મી તારીખની રાતે ખ્વાબમાં મેં જોયું કે હઝરત ઈમામ હુસૈન અલયહિસ્સલામ કરબલાના જંગલમાં માટી અને ખુનમાં ડૂબેલા પડ્યા છે અને તીર અને નૈઝા અને તલવારના 1950 ઝખ્મ આપના મુબારક શરીર ઉપર જાહેર હતા અને તે ઝખ્મોમાંથી લોહીનો સેલાબ જારી હતો એ બુઝુર્ગવારની આ હાલત જોઈને હું ડરી ગયો અને ખ્વાબમાંથી જાગ્યો અને ખૂબ જ રડ્યો

પછી 12મી મોહરમની રાતે જ્યારે હું સૂતો તો ફરીથી સપનામાં ઈમામને જોયા અને જોયું કે આપના ઝખમો એકદમ સારા થઈ ગયા છે. મેં અરજ કરી મારા મા બાપ તમારી ઉપર ફિદા થાય. અય ફરઝંદે રસુલ ! ગઈ રાત્રે તમને ખ્વાબમાં જોયા આપનું પૂરું બદન ઝખ્મોથી ચુર હતું અને આજે એ ઝખ્મોની કોઈ અસર નથી.

એ વખતે હઝરતે ફરમાવ્યું જાણી લે, ગીર્યા કરવાવાળાઓના આંસુ મારા ઝખ્મોનો મલમ બને છે અય અબ્દુલ્લાહ ગઈ રાત્રે તે મારી હાલત જોઈ અને મારી હાલત ઉપર ગિર્યા કર્યું, તેથી તારા આંસુઓ મારા ઝખ્મોનો મલમ થઈ ગયા.

(કશ્કોલન્નુર 2/13) (દાસ્તાનહાએ અઝ અનવારે આસમાની દાસ્તાન નં. 41)

## <u>બની હાશીમના શહીદ : 2. મોહમ્મદ  બિન મુસ્લિમ બિન અકીલ (અ.સ.)</u>

બની હાશીમના બીજા શહીદ જનાબે મુસ્લિમ બિન અકીલના બીજા ફરઝંદ મોહંમદ હતા. ઝમાનાના ઈમામની હિફાઝત માટે દુશ્મનોથી જંગ કરવાની રજા મેળવી..૩૧૩ જેટલા કાફીરોને  ફીન્નાર કર્યા. દુશ્મનોએ ભેગા મળીને હુમલો કર્યો એક ભૂખ્યા અને ૩ દિવસના પ્યાસા કેટલું લડી શકે. આપ શહીદ થયા...અલ્લાહ આપના કાતીલો પર  બેશુમાર લાનત કરે.

## મજલીસ ૩

## જ.ઝહરા સ.અ.ની દુઆ અને ઝવ્વારે હુસૈન (અ.સ.)નું જીવંત થવું

રસુલે ખુદા સ.અ.વ. ફરમાવે છે : **ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્નજાત.** યકીનન ઈમામ હુસૈન અ.સ. હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. માત્ર ઈમામ હુસૈન અ.સ. જ નહિ પરંતુ એ દરેક ચીજ જે ઈમામ હુસૈન અ.સ.થી મનસુબ હોય જેમ કે મજલીસે અઝા, ખાકે શિફા, માતમે હુસૈન , ઝીયારતે હુસૈન અ.સ... તે પણ હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. એક વાકેઓ સાંભળીયે

કિતાબના લેખક કહે છે કે અમે અમુક દોસ્તોની સાથે અરબઈનની પગપાળા મુસાફરીમાં હતા, ત્યારે અમારી મુલાકાત હાજ આકા હાએરી સાથે થઈ કે જેઓ કુમ શહેરના ફૈઝીયાહ મદ્રેસામાં તઅલીમ આપતા હતા. તેઓ અમને એક મૌકિબ તરફ લઈ ગયાં અને કહ્યું: "અહીં ૪૦ વર્ષ પહેલા એક મોઅજીઝો થયો હતો, આવો તેને નજીકથી જોઈએ. ઘણા વર્ષોથી હું જ્યારે અહીં પહોંચું છું, ત્યારે બે રકાત નમાઝ હાજતની નિય્યતથી બજાવી લાવુ છું. તે જગ્યા પોલ નંબર ૭૭૮ની સામે છે અને આ મૌકિબનું નામ "મૌકિબે કરામાતીલ હુસૈન(અ.સ.)." છે.

ત્યાં એક પવિત્ર અને નૂરાની બુઝુર્ગ વ્યક્તિ બેઠેલા હતા, આસપાસ કેટલાંક લોકો હતા. તેમણે વાકેઆને આ રીતે બયાન કર્યો: "૪૦ વર્ષ પહેલાં હું મારા ભાઈ અને તેમના દોસ્ત સાથે નજફથી કરબલા તરફ જઈ રહ્યા હતા . જયારે અમે આ જગ્યા પર પહોંચ્યા, ત્યારે એક ગાડી ચાલકે જાણી જોઈને કે અજાણે અમને ત્રણેયને કચડી નાખ્યા અને ભાગી ગયો.

અમને હોસ્પિટલ લઈ જવાયા, પણ રસ્તામા જ અમારો ઈન્તેકાલ થઈ ગયો. તેથી દરેકને તેમના વતન લઈ જઈને દફન માટે તૈયારી કરવામાં આવી.

મને ગુસ્લ અપાયું અને કફન પહેરાવવામાં આવ્યું. ત્યારે મેં જોયું કે આસમાનમાંથી એક પાલખી જમીન પર ઉતરી આવી જેમાં કાળા કપડા પહેરેલી કેટલીક ઔરતો આવી. તેમાં એક ઉચ્ચ દરજ્જાવાળા ઔરત હતા, તેમણે ફરમાવ્યુ: 'આ મારા ફરઝંદ ઈમામ હુસૈન(અ.સ.)નો ઝાએર છે, તેને દુનિયામાં પાછો લાવો.' જેના લીધે હું ફરી જીવતો થઈ ગયો અને મારા બંને સાથીઓ પણ આ જ રીતે જીવતા થઈ ગયા. જ. ઝહરા સ.અ. ની દુઆ અને ઈનાયતને લીધે અમને મૌત પછી ફરી નવું જીવન મળ્યું . આ જગ્યા એજ જગ્યા છે જ્યાં અમારુ એકસીડન્ટ થયુ હતુ. અમે આ જગ્યા ખરીદી અને ઘણા વર્ષોથી થોડુ થોડુ બાંધકામ કરીને આ મૌકિબને બનાવ્યું છે, જેને તમે આજે જોઈ રહ્યાં છો. . તે જગ્યા પોલ નંબર ૭૭૮ની સામે છે અને આ મૌકિબનું નામ "મૌકિબે કરામાતીલ હુસૈન (અ.સ.)." છે.

અલ્લાહ તઆલા ઈન્શાલ્લાહ આપણને બધાને ઈમામ હુસૈન(અ.સ.)ની સહીહ અને સંપૂર્ણ મઅરેફત સાથે શોહ્દાએ કરબલાની ઝિયારત કરવાની તૌફીક આપે. (આમીન)

(દાસ્તાનહાયે પ્યાદા રવી અરબઈને હુસૈની દાસ્તાન ૯)

## મજલીસમાં આવનાર દરેક પર ઈમામ હુસૈન (અ.સ.)ની નઝરે કરમ

મજલીસે અઝાની અઝમત કેટલી બધી છે , મજલીસમાં આવનાર દરેક પર ઈમામ હુસૈન અ.સ.ની નઝરે કરમ હોય છે. એક વાકેઓ સાંભળીયે.

કુમના હૌઝએ ઈલ્મીયાના એક મોટા આલિમનું કહેવાનું છે કે :અમારા કેટલાક મિત્રોએ અતબાતે મુકદ્દસા (મુકદ્દસ જગ્યાઓ)ની ઝીયારતનો ઈરાદો કર્યો હતો. મને પણ તેમના સાથે જવાનો બહુ શોખ હતો, પરંતુ મારી પાસે પૈસા ન હતા. મારી પાસે ઘણી કિતાબો હતી તેને એક કિતાબો વેચવાવાળા પાસે લઈ ગયો કે એને ગિરવે મૂકી ત્રણસો તુમાન ઉધાર લઈ લઉં, પણ તેણે ના પાડી.

મારા મિત્રો ચાલ્યા ગયા અને હું રહી ગયો. મને ખૂબ જ દુઃખ થયું. રાતે સપનામાં હું હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની હાજરીમાં પહોંચ્યો. હઝરતે પૂછ્યું કે તું દુઃખી કેમ છે? મેં અરજ કરી : મારા મિત્રો ઝિયારત માટે ચાલ્યા ગયા અને હું રહી ગયો. ઈમામે ફરમાવ્યું: "તુ દુઃખી ન થા, હું દર અઠવાડિયે તને જોઉં છું." હું જાગી ગયો અને ઈમામના શબ્દો પર વિચાર કરવો લાગ્યો. ત્યારે યાદ આવ્યું કે મારા વાલિદ અમારા શહેરમાં દર અઠવાડિયે મજલીસ ગોઠવે છે, તે મજલીસમાં હુ શિરકત કરું છું અને નક્કી એ મજલીસ પર ઈમામ હુસેન (અ.સ.)ની ખાસ નજરે ઈનાયત છે.

(બસીરી કરામત વ હિકાયાતે પંદ આમુઝ. પેજ 47)

## બની હાશીમના શહીદ : ૩. જઅફર બિન અકીલ (અ.સ.)

જઅફર બિન અકીલ કે જે જ.મુસ્લિમ બિન અકીલ અ.સ. ના ભાઈ છે. અલી (અ.સ.)ના ભત્રીજા છે. આપની વાલેદાનું નામ હૌસાઅ બિન્તે અમ્ર બિન આમિર છે.

તે મૈદાનમાં આવ્યા અને તલવાર ચલાવતા કહ્યું: "હું હાશિમ અને ગાલિબ ખાનદાનથી છું અને તાલિબી ફરઝંદ છું. બેશક અમે મહાન અને સાદાત છીએ અને હુસૈન(અ.સ.) અમારા દરમિયાન પાક લોકોમાંના સૌથી પાક છે."

કરબલામાં બની હાશીમમાં  આલે અકીલની કુરબાની શરુ રહી. હઝરત જઅફર બિન અકીલ અ. જંગની ઈજાઝત લઈને મેદાનમાં આવે છે. એવી બહાદુરીથી લડી રહ્યા હતા કે કાફીરો ડર થી ભાગી રહ્યા હતા. દુશ્મનો ભેગા મળીને હુમલો કરવામાં આપની સામે ટક્કર લઈ શકતા ન હતા. ઈબ્ને ઝિયાદના લશ્કરના એકસો પચાસ સિપાહીઓને કતલ કર્યા અને દુર દુર ભાગી જતા. તેમણે દુર થી જ આપના પર તીર વરસાવાનું શરુ કર્યું..આપને એટલા બધા તીર વાગ્યા હતા કે આપના બદન પર હાથ મુકવાની જગ્યા પણ બાકી ન હતી. એક તીર આપના દિલ પર લાગ્યુ અને આપ શહીદ થઈ ગયા.

ઝિયારતે નાહિયામાં છે : સલામ થાય જઅફર બિન અકીલ બિન અબીતાલિબ પર અને  તેમના કાતિલ પર અલ્લાહની લઅનત થાય  અને તેમને તીર મારનાર બિશર બિન ખૌત અલ-હમદાની પર અલ્લાહની લઅનત થાય.

## મજલીસ 4

## ઈમામ હુસૈન (અ.સ.) માટે બીજાને રડાવવાનો સવાબ

રસુલે ખુદા(સ.અ.વ.) ફરમાવે છે: **ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્નજાત.** યકીનન ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. માત્ર ઈમામ હુસૈન (અ.સ.) જ નહિ પરંતુ એ દરેક ચીજ જે ઈમામ હુસૈન (અ.સ.)થી મનસુબ હોય જેમ કે મજલીસે અઝા, ખાકે શિફા, ગમે હુસૈનમાં વેહતા આંસુ , તેમજ ઈમામની મદદ કરવાની તમન્ના પણ હિદાયત અને નજાતનું કારણ બને છે . એક વાકેઓ સાંભળીયે.

ઈમામ હુસૈન અસ અને હઝરત અબ્બાસ અ.સ. પાસે મજલીસ પઢનાર ઝાકીરોનું લિસ્ટ હોય છે.

આયતુલ્લાહ વહીદ ખુરાસાની કહે છે : "હું મરહુમ આયતુલ્લાહ સૈયદ અબ્દુલ હાદી શિરાઝીના દર્સમાં હાજર થતો હતો. એક દિવસ ક્લાસ દરમ્યાન સમાચાર આવ્યા કે સૈયદ અબ્દુલ હાદીના સાળા, સૈયદ જાફર શિરાઝીની વફાત થઈ ગઈ છે.

સૈયદ અબ્દુલ હાદી શિરાઝીએ કહ્યું: હવે જ્યારે તેઓ વફાત પામ્યા છે, તો હું એ વાત કહી દઉં કે મેં શું જોયું હતું: મોહર્રમની પહેલી રાતે મેં સપનામાં જોયું કે હું મારા રૂમમાં છું. બે ફરિશ્તા આવ્યા, બે ખુરશીઓ મૂકી અને પછી ઈમામ હુસૈન (અ.સ.) અને હઝરત અબ્બાસ (અ.સ.) આવ્યા અને ખુરશી પર બેઠા.

હઝરત અબ્બાસ (અ.સ.)ના હાથમાં ઝાકીરોના નામોની એક યાદી હતી. ઈમામ હુસૈન (અ.સ.) એ યાદીમાંથી એક નામ પર ઈશારો કર્યો અને કહ્યું:"આનું નામ કાઢી નાખો અને એની જગ્યાએ સૈયદ જાફર શિરાઝીનું નામ લખો." પછી તેઓ ઉભા થયા અને ફરિશ્તાઓએ ખુરશીઓ હટાવી દીધી.

સવારના સમયે જ્યારે સૈયદ જાફર આવ્યા, ત્યારે મેં પુછ્યું:"તમે ઝાકિર બની ગયા છો?"  તેમણે જવાબ આપ્યો: "ના."

પછી મેં તેમને સપનું કહ્યું. તેઓ ઘણાં રડ્યા અને કહ્યું: "ગઈ કાલે રાત્રે જ્યારે હું દર્સમાંથી પાછો આવ્યો ત્યારે મને એક મુક્કદ્દસ હદીસ યાદ આવી કે 'જે માણસ પોતે રડે, બીજાને રડાવે, અથવા ઈમામ હુસૈન(અ.સ.) માટે રડવાની શકલ બનાવે, તેના માટે જન્નત વાજિબ થઈ જાય છે.' મારા મનમાં વિચાર આવ્યો કે હું રડું તો છું, પણ બીજાને રડાવતો નથી. એના કારણે મેં નક્કી કર્યું કે હું એક મક્તલ (શહાદતના વર્ણનો) તૈયાર કરું અને

દસ રાત સુધી મારા ઘરના લોકો  માટે વાંચું.

ઘરમા કોઈ મક્તલની કિતાબ નહોતી, એટલે મેં દોસ્તોને પુછ્યું. તેઓ પાસે પણ નહોતી. છેલ્લે એક દોસ્તે  કહ્યું: મારી પાસે અલ્લામા મજલીસીની 'જીલાઉલ ઓયૂન' કિતાબ છે જેમાં મક્તલ છે. મેં એ કિતાબ દસ રાત માટે લઈ લીધી અને ઘરના લોકોને કહ્યુ: *'આજથી દસ રાત સુધી હું તમારા માટે મજલીસ પઢીશ.'

**ઘરના લોકો ખુશ થયા. મેં મારી પત્ની અને બે નાનકડી દીકરીઓ માટે મજલીસ પઢી** અને એ બીજો ઝાકિર કે જેના નામને ઈમામે યાદીમાંથી કાઢી નાખવાનું કહ્યું હતું, તેણે એ જ રાતે નક્કી કર્યું હતું કે હવે હું ઝાકેરી છોડી દઈશ!"

(જુર્રઈ અઝ કરામાતે ઈમામ હુસૈન (અ.સ.), પેજ ૬૫)

## <u>બની હાશીમના શહીદ : 4 હઝરત મોહમ્મદ બિન અલી (અ.સ.)</u>

મૌલા અબ્બાસ અ.સ. ચાર ભાઈઓ એ કરબલામાં મૌલા હુસૈન અ.સ. પર પોતાની જાન કુરબાન કરી. અસહાબ અને અન્સારની શહાદત પછી બનીહાશીમના ખાનદાનમાંથી અલી અ.સ. ના ફરઝંદ અને મૌલા અબ્બાસ અ.સ. ના ભાઈ મોહમ્મદે ઈમામ અ.સ. ની  પાસેથી જંગની ઈઝાઝત લીધી. બહાદુરી પૂર્વક જંગ કરી ૧૨૦ કાફીરોને જહન્નમ વસિલ કર્યા . દુશ્મને આપના સર મુબારક પર ગુર્ઝ માર્યો, જેના લીધે આપ બેહોશ પડી ગયા. દુશ્મનોએ આપ નું સરે મુબારક કાપી લીધું અને આપની રૂહ  જન્નત તરફ પરવાઝ કરી ગયી.

## મજલીસ 5
## ઈમામ રેઝા (અ.સ.)ની ઝવ્વાર પર ઈનાયત અને ઈબ્રાહીમ પોકેટમારની તૌબા

હુસૈન અન્સારિયાન કહે છે કે એક રાત્રે હું કુમ શહેરમાં બુઝુર્ગ ફકીહ, મઆરીફના આલીમ, અખ્લાકના મોઅલ્લીમ, 'મરહુમ હાજ સૈયદ રેઝા બહાઉદ્દીની'ની નમાઝમાં હાજર થયો નમાઝ પછી હું ખુદ આ અઝીમ શખ્સ સમક્ષ હાજર થયો અને અરજ કરી: હું આપના કિંમતી શબ્દોનો મોહતાજ છું. તેમણે જવાબ આપ્યો: હંમેશા ખુદાવંદે કરીમથી ઉમ્મીદ રાખો કારણ કે તેનો ફૈઝ કાયમી છે અને તે કોઈને પણ તેની ઈનાયતથી વંચિત નથી કરતો અને તે કોઈ પણ રીતે અથવા બહાનાથી પોતાના બંદાઓને હિદાયત અને મદદ માટે જમીન તૈયાર કરે છે (બંદોબસ્ત કરે છે).પછી તેમણે અરૂમીયા શહેરના એક વ્યક્તિનો અદભુત વાકેઓ સંભળાવ્યો, જે વર્ષમાં એક વાર મુસાફરોને મશહદ લઈ જતો હતો: કાફલો લઈ જનાર વર્ણન કરે છે કે એ વખતે ગાડીથી સફર હજી શરૂ જ થઈ હતી; ગાડી, મુસાફરો અને સામાન બંનેને એક સાથે લઈ જતી હતી, કારણ કે તે એક માલવાહક ગાડી હતી.

માલવાહક ડબ્બામાં, તેઓ મુસાફરોને બેસાડતા અને તેઓના સામાન દબાવીને રાખી દેતા હતા. કાફલા સાલાર કહે છે કે મેં લગભગ 30 મુસાફરોને ઈમામ રેઝા(અ.સ.)ની ઝિયારત પર લઈ જવા માટે સ્વીકાર્યા હતા અને અમે આવતા અઠવાડિયાની શરૂઆતમાં મશહદ જવા રવાના થવાના હતા.

બુધવારે રાત્રે મેં ઈમામ રેઝા (અ.સ.)ને ખ્વાબમાં જોયા અને આપે ખાસ મોહબ્બતની સાથે મને ફરમાવ્યું: "આ સફરમાં ઈબ્રાહિમ ખિસ્સા કાતરુને સાથે લઈ આવો. "હું જાગી ગયો અને વિચાર્યું કે મને આવા ફાસીક અને બુરા વ્યક્તિને, જે લોકોમાં ખૂબ જ કુખ્યાત છે, મશહદ સાથે લઈ જવાનું

કેમ કહેવામાં આવ્યું. મેં વિચાર્યું કે મેં જે ખ્વાબ જોયું હતું તે સાચું નથી. બીજી રાત્રે ફરી  તે જ ખ્વાબ જોયું, કોઈ વધુ કે ઓછું નહીં, પરંતુ મેં તેના પર ધ્યાન આપ્યું નહીં. ત્રીજી રાત્રે મેં ખ્વાબમાં ઈમામ રેઝા (અ.સ.)ને ગુસ્સાની હાલતમાં જોયા અને આપે મને ખાસ અંદાઝમાં ફરમાવ્યું: "તમે આ બાબતે કેમ કાઈ પગલા નથી લેતા?"

શુક્રવારે હું એક એવી જગ્યાએ ગયો, જ્યાં બુરા અને ગુનાહગાર લોકો ભેગા થયા હતા. મેં તેમની વચ્ચે ઈબ્રાહિમને જોયો. હું તેની પાસે ગયો અને તેને સલામ કરી અને તેને મશહદની ઝિયારત કરવા દાવત આપી. મારી દાવતથી તે નવાઈ પામ્યો. તેણે મને કહ્યું: "ઈમામ રેઝા(અ.સ.)નું હરમ એ મારુ સ્થાન નથી, તે પાક અને સાચા દિલવાળા લોકોના ભેગા થવાનું મરકઝ છે. મહેરબાની કરીને મને આ સફરથી મુક્ત રાખો ."

મેં આગ્રહ કર્યો અને તેણે ના પાડી. છેવટે  તેણે ગુસ્સાથી મને કહ્યું: મારી પાસે આ સફર માટે પૈસા નથી. અત્યારે મારી પાસે ફક્ત 30 રિયાલ છે કે જે હરામ પૈસા છે, જે મેં એક ગરીબ વૃદ્ધ મહિલાની બેગમાંથી ચોરી લીધા છે!  મેં તેને કહ્યું: હું તારી પાસેથી સફરનો ખર્ચ માંગતો નથી. તું આ સફરનો મહેમાન છો. મારો આગ્રહ કબૂલ કરી લેવામાં આવ્યો. તે મશહદ આવવા તૈયાર થયો અને એવું નક્કી થયું કે તે રવિવારે કાફલા સાથે જશે.

કાફલો રવાના થયો. ઈબ્રાહિમ ખિસ્સા કાતરુ જેવાની હાજરીથી મુસાફરો આશ્ચર્યચકિત થઈ ગયા, પરંતુ કોઈએ આ મુસાફર વિશે કંઈ પૂછવાની કે સવાલ  કરવાની હિંમત ન કરી .  માલ અને મુસાફરો સાથેની ગાડી, તૂટેલા અને કાચા રસ્તા પર આગળ વધી રહી હતી. 'ઝૈદર' વિસ્તારમાં પહોંચતા પહેલા, જે એક અસુરક્ષિત જગ્યા હતી અને એક એવી જગ્યા હતી જ્યાં તુર્ક  ડાકુ દ્વારા ઝવ્વારો પર હુમલો થયો ,રસ્તો એક ઝાલીમ ડાકુ દ્વારા રોકવામાં આવ્યો . ગાડી રોકાઈ ગઈ, ડાકુ ઊભો થયો અને બધા મુસાફરોને કહ્યું: તમારી પાસે જે કંઈ પૈસા છે તે આ થેલીમાં

નાખો અને મને રોકશો નહીં, નહિતર હું તમને મારી નાખીશ! તેણે ડ્રાઈવર અને બધા મુસાફરો પાસેથી પૈસા લીધા પછી ગાડી છોડી દીધી.

ગાડી થોડી આગળ ગઈ અને એક ચાની હોટલ પર ઊભી રહીં, મુસાફરો બહાર નીકળ્યા અને એક બાજુએ બેઠા. એક ઊંડી ઉદાસી અને દુઃખ તેઓ પર છવાઈ ગયું. ડ્રાઈવર સૌથી વધુ પરેશાન હતો. તેણે કહ્યું, "મારી પાસે ન તો પોતાની ઉપર ખર્ચ કરવા માટે કંઈ પૈસા છે , ન હું પેટ્રોલ અને ગાડીના અન્ય ખર્ચાઓ માટે પૈસા છે . આપણા માટે આપણી મંઝીલ સુધી પહોંચવું ખૂબજ મુશ્કેલ લાગે છે." પછી તે આ મુસીબતના લીધે રડવા લાગ્યો.

મુસાફરોના આશ્ચર્ય અને તઅજ્જુબ વચ્ચે તે ખિસ્સાકાતરુ ઈબ્રાહિમે આવીને ડ્રાઈવરને પૂછ્યું, "તે ડાકુએ તમારી પાસેથી કેટલા રૂપિયા લીધા?" ડ્રાઈવરે એક રકમ કહી, ઈબ્રાહિમે તેને તે રકમ આપી દીધી. પછી તેણે બીજા મુસાફરોને એક પછી એક તેઓની ચોરી થયેલ રકમ વિશે પૂછ્યું અને દરેકને તેઓએ જેટલી રકમ કહી, તે તેણે ચૂકવી દીધી. અંતે ફક્ત 30 રિયાલ બાકી રહ્યા, ત્યારે ઈબ્રાહિમે કહ્યું, "આ મારી રકમ છે, જે મારો હિસ્સો છે." બધા લોકો હૈરાન હતા, તેઓએ તેને પૂછ્યું, "તને આ બધા પૈસા ક્યાંથી મળ્યા?"

જવાબમાં તેણે કહ્યું: જ્યારે તે ડાકુએ તમારા બધા પાસેથી પૈસા લીધા અને પછી ઈત્મેનાન અને શાંતિથી ગાડીમાંથી બહાર નીકળવા ચાહતો હતો ત્યારે મેં શાંતિથી તેનું ખિસ્સું કાતરી લીધું. તે બહાર નીકળી ગયો અને ગાડી ઝડપથી તે વિસ્તારથી દૂર આગળ નીકળી ગયી અને આપણે અહી પહોંચી ગયા . મેં જે તમને પૈસા આપ્યા છે, તે તમારા પોતાના પૈસા છે.

કાફલા સાલાર આ જોઈને જોર જોરથી રડવા લાગ્યો. ઈબ્રાહિમે તેને કહ્યું: તમારા પૈસા તમને પાછા આપી દીધા, હવે શા માટે તમે રડો છો?

કાફ્લા સાલાર એ કહ્યું  મેં સતત ત્રણ રાત ખ્વાબમાં જોયું હતું અને જાહેરાત કરી કે હું ખ્વાબની હકીકતથી અજાણ હતો. હવે હું સમજી ગયો કે ઈમામ રેઝા(અ.સ.)નું તને દાવત આપવું એ કારણ વગરનું ન હતું. ઈમામ(અ.સ.) આ ખતરાને દૂર કરવા માટે તારો ઉપયોગ કરવા માંગતા હતા. ઈબ્રાહિમનો મિજાઝ બદલાઈ ગયો. તેને ઘણો સદમો લાગ્યો. તે ખૂબ રડ્યો. ત્યાં સુધી રડતો રહ્યો કે જ્યાં સુધી તે 'સલામ'ની ટેકરી પર ન પહોંચ્યો, જ્યાં ઈમામ રેઝા (અ.સ.)ના હરમના ગુંબજની રોશની મુસાફરોની આંખોને નૂરાની કરે છે, ત્યાં તેણે કહ્યું: મારા ગળામાં એક સાંકળ બાંધો, મને આ હાલતમાં સહેનમાં લઈ જાઓ, જ્યારે આપણે ઉતરીએ ત્યારે મને તે જ હાલતમાં હરમ તરફ લઈ જાઓ. અમે તે જ કર્યું જે તે ચાહતો હતો.

જ્યારે અમે મશહદમાં હતા, ત્યારે તેનામાં તવાઝોઅ અને ખુઝુઅ હતું. તેણે અજીબ અંદાઝમાં તૌબા કરી. તેણે પેલી અજાણી વૃદ્ધ ઔરતના પૈસા પવિત્ર હરમમાં ફેંકી દીધા. તેણે ઈમામ(અ.સ.)ને તેના શફીઅ બનાવ્યા જેથી તેમના ભૂતકાળના ગુનાહો માફ થઈ જાય. આ બધી બાબતોથી કાફલાના બધા મુસાફરો તેનાથી રશ્ક કરતા. સફર ખુશીથી ખત્મ થઈ, અમે બધા અરૂમીયા પાછા ફર્યા, પરંતુ તે કિંમતી તૌબા કરનાર દયારનો રહેવાસી બની ગયો!

(તૌબા આગોશે રહેમત, હુસૈન અન્સારિયાન:
પેજ નં.૧૨૯, પ્રકાશક: કુમ દારુલ ઈરફાન, ૧૩૮૯)

## <u>બની હાશીમના શહીદ : 5. હઝરત અલી અકબર (અ.સ.)</u>

અસહાબ અને અન્સારની શહાદત પછી આશુરના દિવસે હઝરત અલીઅકબર અ.સ. એ વાલિદથી જંગની રજા માંગી. ઈમામ(અ.સ.)એ રજા આપીને તેમને મોહબ્બતભરી નજરોથી જોયા અને પછી માથું ઝુકાવી લીધું. આંખોથી આંસુ સરી પડ્યા. (નફ્સુલ મહમૂમ-૩૦૭)

આસમાનની તરફ હાથ ઉઠાવીને કહ્યું: અય અલ્લાહ ગવાહ રહજે આજે હુ તે જવાનને જંગ માટે મોકલી રહ્યો છું, જે ખૂબસૂરતી, કમાલ અને અખ્લાકમાં સૌથી વધારે તારા રસૂલ(સ.અ.વ.)ને સમાન છે. જ્યારે અમે તારા રસૂલ(સ.અ.વ.)ની ઝિયારત કરવા ઈચ્છીએ છીએ તો આ જવાનની ઝિયારત કરી લઈએ છીએ.

ઘણી વખત દુશ્મનોના લશ્કર પર હુમલો કર્યો. ઘણા બધાને કતલ કર્યા એટલે સુધી કે દુશ્મન પોતાના મકતૂલોની સંખ્યા જોઈને ગભરાઈ ગયા.

રિવાયતમાં છે કે અલી અકબર(અ.સ.) આટલા પ્યાસા હોવા છતાં એકસો વીસ દુશ્મનોને કતલ કર્યા (મનાકિબે લખ્યું છે કે સિત્તેર આદમી કતલ કર્યા.) અને ઘણા બધા ઝખ્મ ખાઈને પોતાના વાલિદની ખિદમતમાં હાજર થયા અને કહ્યું : બાબા ! પ્યાસ મને મારી રહી છે. હથિયારના વજનથી પરેશાન થઈ ગયો છું. એક ઘુંટડો પાણી મળી શકે છે કે દુશ્મન સાથે જંગ શરૂ રાખવાની તાકાત પૈદા કરી શકું.

આ સાંભળી ઈમામ હુસૈન(અ.સ.) રડી પડ્યા અને ફરમાવ્યું : વા ગવસાહ ! દીકરા થોડી વાર હજું જંગ કરો કે નજીકમાં જ તમે તમારા નાના રસુલ (સ.અ.વ.)ની ઝિયારત કરશો. તે તમને કૌસરના જામથી સૈરાબ કરશે.

આ જ રીતે જંગ કરતા રહ્યા અહીં સુધી કે ૨૦૦ દુશ્મનોને હલાક કર્યા. ઉમર બિન સઅદના લશ્કરમાં અલી અકબર(અ.સ.)ને શહીદ કરવાની હિમ્મત ન હતી. પરંતુ મુર્રા બિન મુન્કઝ અબ્દીએ ભાલો માર્યો. આપ(અ.સ.) ઘોડાથી જમીન પર પડી ગયા અને અન્ય ઝાલિમોએ આપના શરીરના ટુકડે ટુકડા કરી દીધા.

(નફસુલ મહમૂમ પા-૩૦૮)

## મજલીસ 6

## ન્યાઝે હુસૈન(અ.સ.)ની બરકતથી હાજત પુરી થઈ, ખાકે શિફાની બરકત થી મગ્ફેરત

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે: ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્નજાત. યકીનન ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. માત્ર ઈમામ હુસૈન (અ.સ.) જ નહિ પરંતુ એ દરેક ચીજ જે ઈમામ હુસૈન (અ.સ.)થી મનસુબ હોય જેમ કે મજલીસે અઝા, ખાકે શિફા, ગમે હુસૈનમાં વેહતા આંસુ પણ હિદાયત અને નજાતનું કારણ બને છે. આવો એક વાકેઓ સાંભળીએ.

### <u>ન્યાઝે હુસૈન(અ.સ.)ની બરકતથી હાજત પુરી થઈ</u>

એહલેબૈત(અ.મુ.સ.)ના મદ્દાહખ્વાન આકાએ મોહસીન શિરાઝી નક્લ કરે છે કે: એક દિવસ 'હૈયત'માં અમે ન્યાઝ તકસીમ કરી રહ્યા હતા. ન્યાઝ ખતમ થઈ ગઈ ત્યારે એક શખ્સ આવ્યો અને કહ્યું: "મારી મા બિમાર છે, હું તેના માટે ઈમામ હુસૈન(અ.સ.)ની ન્યાઝ લેવા આવ્યો છું."

અમે કહ્યું: "ન્યાઝ ખતમ થઈ ગઈ છે."તેણે જવાબ આપ્યો: "એ શક્ય નથી, મારે મારી મા માટે ન્યાઝ લઈ જ જવી પડશે."

એ દરમિયાન એક બાળક બહાર આવ્યું, જેણે ન્યાઝ લીધી હતી પરંતુ હજી ખાધી ન હતી. એ વ્યક્તિએ બાળકને કહ્યું: "આ ન્યાઝ મને વેચી દે."

બાળકે કહ્યું: "હું નહીં વેચું." તેણે કહ્યું: "હું તને આ ન્યાઝના 1 લાખ તુમાન આપવા તય્યાર છું." બાળકે કહ્યું: "હું નહીં વેચું." તેણે કિંમત વધારી 2 લાખ તુમાન, પછી 3 લાખ તુમાન, પછી ૫ લાખ તુમાન,

પણ બાળક કહેતો રહ્યો: "હું નહીં વેચું." અંતે તેણે કહ્યું: "હું આ ન્યાઝ માટે તને 10 લાખ તુમાન આપવા તૈયાર છું."

એ વખતે બાળક રડવા લાગ્યો. એ શખ્સે પૂછ્યું: "શું થયું?"

બાળકે કહ્યું: "મારી મા બિમાર છે, તેમનું ઓપરેશન કરાવવાનું છે. ડૉક્ટરે કહ્યું છે કે ઓપરેશનમાં દસ લાખ તુમાનનો ખર્ચ થશે, પણ અમારી પાસે એટલા તુમાન ન હતા. **મેં મારી માને કહ્યું કે આજે રાત્રે હું ઈમામ હુસૈન(અ.સ.)ની મજલીસમાં જઈશ અને તમારા ઓપરેશનનો ખર્ચ હું ઈમામ હુસૈન(અ.સ.) પાસેથી લઈ આવીશ." તે વ્યક્તિએ તરત જ બાળકને દસ લાખ તુમાન આપ્યા અને બાળક પાસેથી ન્યાઝ લીધી. આ રીતે ઈમામ હુસૈન(અ.સ.)ની ન્યાઝની બરકતથી બંનેની હાજતો પુરી થઈ.**

(જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન અ.સ.)

## <u>જનાઝા પર ખાકે કરબલાની બરકતથી ગુનેહગારની મગફેરત</u>

"તોહફતુલ મજાલિસ"નામની કિતાબમાં નક્લ થયેલું છે કે બગદાદમાં એક પૈસાદાર માણસ રહેતો હતો, જે બહુ ગુનેહગાર અને નાફરમાની કરવાવાળો હતો, જ્યારે તેનું મૌત નજીક આવ્યું, ત્યારે તેણે વસીય્યત કરી કે "જ્યારે હું મરી જાઉં ત્યારે મારા જનાઝાને નજફ અશરફ લઈ જજો અને ત્યાં દફન કરજો, શાયદ અમીરુલ મોઅમેનીન હઝરત અલી(અ.સ.)ની બરકતથી અલ્લાહ મારા ગુનાહ માફ કરી દે." એ વસીય્યત કર્યા બાદ તે મૃત્યુ પામ્યો.

તેના સગા-સંબંધી અને મિત્રો તેની વસીય્યત મુજબ તેનો જનાઝાને લઈને નજફ અશરફે તરફ નીકળી પડ્યા.

એ જ રાત્રે હરમના ખાદિમોના સ્વપ્નમાં હઝરત અલી(અ.સ.) આવ્યા અને ફરમાવ્યું: "કાલે સવારે આ આ નિશાનીઓ વાળો એક ફાસિકનો જનાઝો અહીં આવશે, તેને રોકજો, હરગિઝ અહીં દફન થવા નહિ દેતા , કારણ કે તેના ગુનાહ રણની રેતી કરતાં પણ વધુ છે."

સવારે બધા ખાદિમો હરમના દરવાજા પાસે ભેગા થઈ રાહ જોતા રહ્યા,

પરંતુ તે જનાઝો આવ્યો નહીં. હકીકતમાં એ રાત્રે કાફલા વાળાઓ રસ્તો ભૂલી ગયા અને કરબલાના રસ્તે ચડી ગયા હતા.

બીજી રાત્રે ફરી ખાદિમોના સ્વપ્નમાં હઝરત અલી (અ.સ.) આવ્યા અને ફરમાવ્યું: “કાલે સવારે જે જનાઝો રોકવા કહ્યું હતું, તેને ઈઝ્ઝત અને અદબ સાથે લાવજો, મારા રોઝા નજીક થોડો સમય રાખજો અને પછી બેહતરીન જગ્યાએ તેને દફન કરજો.”

ખાદિમોએ આશ્ચર્યથી પૂછ્યું: “આ ફેરફારનો રાઝ શું છે?”

હઝરત અલી(અ.સ.)એ ફરમાવ્યું: “ગઈ કાલે એ લોકો રસ્તો ભૂલ્યા અને કરબલાના રસ્તે ચડી ગયા હતા, જ્યાં કરબલાની ખાક ઉડીને તે જનાઝા પર પડી છે. મારા ફરઝંદ હુસૈન(અ.સ.)ની ખાકે શીફાની બરકતથી અલ્લાહે તેના બધા ગુનાહ માફ કરી દીધા છે.”

સવારે ખાદિમો જનાઝાને ઈઝ્ઝત સાથે હરમમાં લાવ્યા અને બેહતરીન જગ્યાએ દફન કર્યો અને પુરો વાકેઓ કાફલાવાળાઓને બયાન કર્યો.

(દસ્તાહાયે અઝ અનવારે આસ્માની, તોહફતુલ મજાલિસ)

## <u>બની હાશીમના શહીદ : 6. અબ્દુર્રેહમાન બિન અકીલ (અ.સ.)</u>

અસહાબ અને અન્સારોની શહાદત પછી બની હાશીમમાં આલે અકીલ પોતાની કુરબાની પેશ કરી રહ્યા હતા . હઝરત મુસ્લિમના ભાઈ હઝરત જઅફર બીન અકીલની શહાદત પછી આપના ભાઈ અબ્દુર્રેહમાન જંગના મેદાનમાં આવ્યા. ભૂખ્યા અને પ્યાસા હોવા છતાં બહાદુરી થી જંગ કરી અને ૨૧૭ જેટલા કાફીરો અને દુશ્મનોને ફીન્નાર કર્યા.. ઝખ્મોથી ચુર ચુર થઈને આપ ઘોડા પરથી જમીન પર પડી ગયા ,એક કાફીરે આપના પર તલવારનો એવો ઘા માર્યો કે આપની રૂહ જન્નત તરફ પરવાઝ કરી ગઈ.

(શોહદા એ કરબલા પેજ 67)

## મજલીસ 7

## જનાબે કાસીમ (અ.સ.)થી તવસ્સુલ , ઈમામની નુસરતની તમન્ના

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે: **ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્નજાત.** યકીનન ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. માત્ર ઈમામ હુસૈન (અ.સ.) જ નહિ પરંતુ એ દરેક ચીજ જે ઈમામ હુસૈન (અ.સ.) થી મનસુબ હોય જેમ કે મજલીસે અઝા, ખાકે શિફા, ગમે હુસૈનમાં વેહતા આંસુ પણ હિદાયત અને નજાતનું કારણ બને છે

શોહદાએ કરબલાનો અલ્લાહની નઝદીક અઝીમ મકામ છે. અગર કોઈ જનાબે કાસીમ (અ.સ.)ને અલ્લાહની બારગાહમાં દુઆ માટે વસીલો બનાવે તો તેની હાજત પૂરી થાય છે ત્યાં સુધી કે મરણ પામેલા દીકરાને નવું જીવન મળે છે. એક વાકેઓ સાંભળીએ જેથી આ વાત એકદમ સ્પષ્ટ થયી જાય.

મર્હુમ આયતુલ્લાહ સય્યદ હુસૈન શેખુલ ઈસ્લામ તેમની કિતાબ મકતલે ઈમામ હુસૈન (અ.સ.) માં લખે છે : "હઝરત આયતુલ્લાહ ગુલપાયગાની કે જેઓ શીઆના બુઝુર્ગ ઓલમામાંથી છે અને મહાન મરાજેઅમાંથી છે અને કુમ શહેરના હવ્ઝા એ ઈલ્મીયાની મુલ્યવાન શખ્સીય્યત છે. તેઓએ બયાન કર્યું હતું કે : "આ વર્ષે જયારે અમોએ તાલિબે ઈલ્મ (હવ્ઝામાં ઈલ્મ હાસિલ કરનારાઓ)ને સિમનાન પ્રાંત તરફ મોકલ્યા હતા. તેઓમાંથી એક તાલીબે ઈલ્મ એક ગામડામાં ગયા હતા.

તે ગામડામાં એક ઔરતનું બાળક મૃત્યુ પામ્યું હતું. અમુક સમય પછી તે બાળકને ઘરેથી ગુસ્લખાનામાં લઈ ગયા. જયારે ગુસ્લખાનામાં ગુસ્લ આપનાર બાળકને ગુસ્લ આપી રહ્યો હતો ત્યારે બાળક હલનચલન કરવા લાગ્યું અને જીવીત થઈ ગયું. ખૂબ જ ખુશીની સાથે આ ખબર બાળકના ઘરે પહોચાડવામાં આવી ત્યારે ઘરના લોકોએ કહ્યું : " હા, બાળકની માતાએ જ. કાસીમ અ.સ.થી તવસ્સુલ કર્યું હતું અને એક ઘેટું કુરબાની

કરવાની નઝર કરી હતી. ખુદાવંદે આલમે હઝરત કાસીમ(અ.સ.)ની ઈઝ્ઝત અને મકામના લીધે આ બાળકને જીવતુ કરી દીધું છે."

(મકતલે ઈમામ હુસૈન (અ.સ.) પા ૨૯૦ )

## ઈમામની નુસરતની તમન્ના અને જન્નત

કિતાબ "વસીલતુન્ નજાત" માં એક હિકાયત લખવામાં આવી છે કે અમ્ર બિન લૈસ જે ખુરાસાનના સુલતાનોમાંથી હતો અને મોટો પેહલવાન અને ખૂબ ધનવાન હતો. તેની પાસે ઘણી મોટી સેના હતી. જ્યારે તે મરણ પામી ગયો ત્યારે લોકોએ તેને સ્વપ્નમાં ખૂબ જ સારી હાલતમાં જોયો. તેઓએ પૂછ્યું કે તારી માફીનું કારણ શું બન્યું?

તેણે કહ્યું: "એક દિવસ હું એક પર્વત ઉપર ઊભો હતો અને મારી સૈનિકોથી ભરેલી સેના તરફ જોઈ રહ્યો હતો. તેમની સંખ્યા જોઈને ખુશી થઈ અને એ જ સમયે મને દિલથી અફસોસ થયો કે કાશ! હું આ સૈનિકોની સાથે ઈમામ હુસૈન (અ.સ.)ની લડાઈના દિવસે (આશૂરના દિવસે) ઈમામ (અ.સ.)ની સાથે હોત તો હું ઈમામ (અ.સ.)ના દુશ્મનો સાથે જંગ લડી શકત અને તેમના દુશ્મનોને જહન્નમ વાસિલ કરત, તો બસ આ ખ્વાહિશની બરકતથી જ અલ્લાહ તઆલાએ મને માફ કરી દીધો અને મને જન્નત બક્ષી આપી."

(ઈસ્બાતે અઝાદારી, પાના નંબર 24)

એટલે જ આપણે પણ કેહવું જોવે કે **કાશ હું પણ કરબલામાં હોત તો ઈમામ હુસૈન (અ.સ.)ની મદદ કરત..યા લય્તની કુન્તો મઅકુમ ફઅફૂઝો ફવ્ઝન અઝીમા..**

આજે આપણે **બની હાશીમના શહીદ : 7 જ. કાસીમ અ.સ**.ની શહાદતનો પુરસો મૌલા હસન (અ.સ.) ને આપીએ ...

કાસિમ બિન હસન(અ.સ.) ચાંદની જેમ હતા. બાળપણમાં જ સખત જંગ કરીને ૩૫ દુશ્મનોને કતલ કર્યા. હમીદ બિન મુસ્લિમ કહે છે : હું ઉમરે સઅદના લશ્કર વચ્ચે ઊભો આ જુવાનને જોઈ રહ્યો હતો. પહેરણ અને જોડા પહેરેલા હતા. અચાનક એક જોડાની દોરી ટુટી ગઈ. મને યાદ છે કે ડાબા પગના જોડાની હતી. અમ્ર બિન સઅદ અઝદીએ મને કહ્યું : કે હું તેના પર હુમલો કરીશ.

તેણે જનાબ કાસિમ(અ.સ.) પર હુમલો કર્યો. તેમના માથા પર એક વાર લગાવ્યો. જેનાથી તે મોં ના બલ જમીન પર પડ્યા. અવાજ આપી યા અમ્માહ! (અય ચચા !) ઈમામ હુસૈન(અ.સ.) લશ્કરની સફોને ચીરીને કાસિમ(અ.સ.) ના સરહાને પહોંચ્યા અને કાસિમ(અ.સ.) ના કાતિલ પર હુમલો કર્યો. તેણે હાથ પર વાર રોક્યો. જેનાથી તેનો હાથ કોણીથી કપાઈ ગયો. તેણે કહ્યું : મારી મદદ કરો. ઉમરે સઅદનું લશ્કર તેને બચાવવા માટે દોડ્યું. બંને વચ્ચે સખત જંગ થવા લાગી. જેનાથી કાસિમ(અ.સ.) ની લાશ ઘોડાઓના પગ નીચે કચડાઈ ગઈ. મેદાન ધૂળ વંટોળથી ભરાઈ ગયું. જ્યારે ધૂળ બેસી ગઈ તો મેં ઈમામ હુસૈન(અ.સ.) ને જોયા કે કાસિમ((અ.સ.) ના સરહાને ઊભા છે અને કાસિમ(અ.સ.) એડીઓ જમીન પર ઘસી રહ્યા હતા.

ઈમામ હુસૈન(અ.સ.)એ ફરમાવ્યું : આ વાત તમારા કાકા માટે કેટલી તકલીફ આપનારી છે કે તમે એમને મદદ માટે પુકારો અને તે કંઈ ન કરી શકે અને જો કંઈ કરી શકે તો તેનો તમને કોઈ ફાયદો ન હોય. તે કોમ પર અલ્લાહની રેહમત નાઝિલ ન થાય જેમણે તમને કતલ કર્યા છે.

(બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૩૪)

# મજલીસ 8

# હઝરત અબ્બાસ અ.સ.થી તવસ્સુલ અને મૌલા અબ્બાસ (અ.સ.)ના મસાયેબ

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે: **ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્નજાત.** યકીનન ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. માત્ર ઈમામ હુસૈન (અ.સ.) જ નહિ પરંતુ એ દરેક ચીજ જે ઈમામ હુસૈન (અ.સ.) થી મનસુબ હોય જેમ કે મજલીસે અઝા, ખાકે શિફા, ગમે હુસૈનમાં વેહતા આંસુ પણ હિદાયત અને નજાતનું કારણ બને છે

કિતાબ મોઅજીઝાતે હઝરત અબ્બાસ(અ.સ.) ના લેખક મોહમ્મદ વસી ખાન સાહેબ કહે છે કે આ વાકેઓ ૧૯૫૩નો છે જયારે હું નજ્ફે અશરફથી તેહ્સીલે ઈલ્મ પૂરું કરીને વતન પાછા ફરવાની તૈયારી કરી રહ્યો હતો. તેજ દિવસોમાં આફ્રિકાથી એક ખોજા ભાઈ પોતાના કુટુંબ સાથે સય્યદુશશોહદા અ.સ.ની ઝીયારત માટે આવેલા હતા.

એક દિવસ તે એકલો હઝરત અબ્બાસ(અ.સ.)ના મુબારક હરમમાં હતો કે કોઈએ તેનું પાકીટ ચોરી લીધું. તે પોતાના એ પાકીટની તલાશમાં અહીં તહીં જોઈ રહ્યો હતો, કે તેની નજર એક જગ્યાએ ફર્શ પર ઝમીન પર પડેલા પાકીટ પર  પડી.  તે શખ્સ તે તરફ ગયો અને જુકીને પાકીટ ઉપાડી લીધું.

તેજ સમયે એક અરબ ત્યાં આવ્યો અને તેણે તે શખ્સનો હાથ પકડી લીધો. 'આ તું શું કરી રહ્યો છો, આ પાકીટ મારું છે.' બંનેમાં તકરાર વધી ગઈ અને લોકો જમા થઈ ગયા.  તે વખતે લોકોએ કહ્યું કે ઝઘડાને ખતમ કરો અને તમે બંને અલગ અલગ બતાવો કે આ પાકીટમાં શું છે. આફ્રિકાના ખોજા ભાઈએ કહ્યું કે તેમાં બેંકનો ડ્રાફ્ટ, પાઉન્ડ, ઈરાકી કરન્સી છે. અરબ માણસે કહ્યું કે પાકીટમાં મારો ફોટો અને અમુક દીનાર છે. લોકોએ જયારે પાકીટને જોયું તો તેની અંદર અરબનો ફોટો અને દીનાર

સિવાય કશું ન હતું. તે પછી બધાએ મળીને આફ્રિકાના શખ્સને ખૂબ માર્યો અને બેઈઝ્ઝત કરીને હરમમાંથી બહાર કાઢી મુક્યો.

આ ખોજા ભાઈ ઝખ્મી હાલતમાં રડતા રડતા નજફની તરફ પગપાળા રવાના થઈ ગયા. રસ્તામાં રોતો જતો હતો અને હ.અલી(અ.સ.)નું નામ લઈને કહેતો જતો હતો કે મૌલા તમારા ફરઝંદના રોઝા પર ઝીયારત કરવા ગયો હતો, મારું પાકીટ ચોરાઈ ગયું અને ઊલટાનો મને ચોર બનાવીને બેઈઝ્ઝત કરીને હરમથી કાઢી મુક્યો... તે જોર જોરથી ફરિયાદ કરતો નજફે અશરફની તરફ જઈ રહ્યો હતો કે તે નેહરે હુસૈની પાસેથી પસાર થયો તો શું જોવે છે કે એક ઘોડેસવાર નજફની તરફથી આવી રહ્યા છે અને તેની પાસે આવીને ઉભા રહી ગયા.

ઘોડેસવારે પૂછ્યું:- ભાઈ તને શું પરેશાની છે અને ઝખ્મી હાલતમાં પગપાળા ક્યાં જઈ રહ્યા છો? ખોજા ભાઈએ જવાબ આપ્યો:- “નજફે અશરફ જઈ રહ્યો છું મારા મૌલાની ખિદમતમાં ફરીયાદ કરવા અને હઝરત અબ્બાસ(અ.સ.)ની શિકાયત કરવા... ”અને બધી વાત કરી. એ વખતે ઘોડેસવારે કહ્યું:- “ભાઈ તમે મારા ખિસ્સામાંથી પાકીટ લઈ લ્યો...”

ખોજા ભાઈએ કહ્યું:- “નહિ ભાઈ ફક્ત પાકીટ ઉપાડવામાં એટલો માર પડ્યો છે, જો ખિસ્સામાંથી નીકાળીશ તો શું હાલત થશે... પોલીસ વાળા પકડીને લઈ જશે ” ઘોડેસવારે કહ્યું:- “નહિ નહિ હું કઈ નહિ કહું, તમે પાકીટ લઈ લો”. ઘોડેસવારે આ બધું ખૂબજ વિનમ્રતા સાથે કહ્યું.

હવે ખોજા ભાઈએ તે આવનાર ઘોડેસવારને કહ્યું કે જો ખરેખર તમારે પાકીટ આપવું છે, તો તમારા હાથે આપો. તે સમયે ઘોડેસવારે ખૂબ જ બેકસી સાથે એકદમ માયુસીથી કહ્યું: “ભાઈ મારા હાથ તો કરબલામાં કપાઈ ગયા, હવે હાથ ક્યાં છે તો હુ તમને તે હાથથી આપું..” આમ કહીને ઘોડેસવાર નજરોથી ગાયબ થઈ ગયા. પાકીટ નીચે ઝમીન પર પડેલું હતું, જેને તે ખોજા ભાઈએ જુકીને લઈ લીધું...તે એ જ હાલતમાં દોડતો દોડતો

હરમે હ.અબ્બાસ(અ.સ.)માં આવ્યો અને જોરજોરથી ઊંચા અવાજે કેહવા લાગ્યો:"લોકો!! મુશ્કીલકુશાના લખ્તે જીગર મૌલા અબ્બાસ(અ.સ.)એ મારું પાકીટ મને પાછું લાવી દીધું."

(મોઅજીઝાતે હઝરત અબ્બાસ અ.સ.
ઉર્દુ– પેજ 12, લેખક: મોહમ્મદ વસી ખાન સાહેબ)

કિતાબ કરામાતે અબ્બાસીયાના લેખક ' મીર ખલફ ઝાદે' નગ્મા હાયે વિલાયતના લેખકના હવાલાથી લખે છે કે હું ઈસ્ફહાનના મદ્રેસા (બાકરીયહ દરબે કુશક)માં હતો ત્યારે ખુઝિસ્તાનના એક બુઝુર્ગ શેખ સાથે મુલાકાત થઈ. મેં તેમને પૂછ્યું: "મને એ કરામત કહો, જે તમે પોતાની આંખોથી હઝરત અબ્બાસ અલયહિસ્સલામ વિશે જોઈ હોય."

તેમણે કહ્યું: "જ્યારે હું જુવાન હતો ત્યારે જેટલું પણ ભણતો મને કંઈ સમજાતું ન હતું. એક દિવસ મેં એક કિસ્સો વાંચ્યો કે એક તાલીબે ઈલ્મ હતો, જે ભણતો તો ઘણું પણ તેને કશું સમજાતું ન હતું અને ઈલ્મ હાંસિલ કર્યા વગર આલિમ બનવા માગતો હતો. એટલે તેણે હઝરત અબ્બાસ (અ.સ.)થી તવસ્સુલ કર્યું.

એક રાત્રે તેણે સ્વપ્નમાં જોયું કે હઝરત અબ્બાસ (અ.સ.)ના હાથમાં લાકડી છે અને તેઓ તેને મારવા ઈચ્છે છે. હઝરતે કહ્યું: 'તારે જઈને ઈલ્મ હાસિલ કરવું જોઈએ.' તે ઊંઘમાંથી જાગ્યો અને ઈલ્મ હાંસિલ કરવામાં મહેનત કરવા લાગ્યો. અંતે એ એક આલિમ બની ગયો.

જ્યારે મેં આ કિસ્સો વાંચ્યો ત્યારે મારું દિલ તૂટી ગયું અને હું ખૂબ રડ્યો. પછી ઊંઘ આવી ગઈ અને સ્વપ્નમાં મેં જોયું કે હઝરત અબ્બાસ (અ.સ.) મને થોડું શરબત આપી રહયા છે. જ્યારે હું ઊંઘમાંથી જાગ્યો અને કિતાબ ખોલી, તો બધું સમજાવા લાગ્યું. જ્યારે હું દર્સમાં ગયો તો ત્યાં હું ઉસ્તાદને સવાલો પુછવા લાગ્યો.

એક દિવસ જ્યારે હુ ખૂબ પ્રશ્નો પૂછતો રહ્યો, ત્યારે મારા ઉસ્તાદ થાકી ગયા. દર્સ પછી તેમણે મારા કાનમાં કહ્યું: "હઝરત અબ્બાસ (અ.સ.)એ તને જે આપ્યું છે, એ જ મને પણ આપ્યું છે, એટલે હવે દર્સમાં એટલા બધા પ્રશ્નો ન પુછતો." "હઝરત અબ્બાસ અ.સ., જેને 'બાબુલ હવાએજ' કહેવાય છે, તેમના હાથે દરેક મુશ્કેલ અને અશક્ય કામ સરળ થઈ જાય છે."

(કિતાબ કરામાતે અબ્બાસીય્યા, પેજ 18,લેખક મીર ખલફઝાદે)

તવસ્સુલની રીત: આયતુલ્લાહ સૈયદ શેહાબુદ્દીન અલ મરઅશી અન્નજફી ફરમાવે છે કે જે કોઈ હાજત ધરાવતો હોય તે હઝરત અબ્બાસ (અ.સ.)થી આ મુજબ **૧૩૩ વખત પઢીને તવસ્સુલ કરે :**

**યા અબલ્ ગવ્સ અદરિક્ની** (સફહતો નહજુલ મુત્તકીન)

## <u>મૌલા અબ્બાસ (અ.સ.) થી તવસ્સુલ</u>

ઈસ્ફહાનના બજારમાં એક વેપારીની દુકાન હતી અને તેની દુકાનની બાજુમાં એક સક્કાખાનું હતું, જેનું નામ હતું "આકા અબલ ફઝલ (અ.સ.)".

આ વેપારીને હઝરત અબ્બાસ (અ.સ.) પ્રત્યે ખૂબ જ મોહબ્બત હતી. તે કહેતો રેહતો કે : "મૌલા! હું તમારા ઈશ્કમાં આ સક્કાખાનું સાફ કરું છું, તેની સારી રીતે દેખરેખ રાખું છું અને તેમાં પાણી ભરીને બરફ નાખીને ઠંડું રાખુ છુ જેથી તરસ્યા લોકો એમાંથી પીવે અને તમારા ભાઈ મૌલા હુસૈન (અ.સ.)ની પ્યાસ અને તમારા ઈસાર અને વફાદારીને યાદ કરે. તો તમારું કામ મેં કર્યું છે, હવે તમારી ફરજ છે કે મારી દુકાનની હિફાઝત કરો કે કોઈ ચોર કે લૂંટારો તેને નુકસાન ન કરે."

દરરોજ તેનું કામ હતું કે તે સક્કાખાનું સાફ કરતો, તેમાં પાણી ભરે અને બરફ મૂકે. તરસ્યા લોકો આવતા પાણી પીતા અને જતા રહેતા.

એક દિવસ સવારે જ્યારે તે પોતાની દુકાને ગયો, તો શું જોયું કે તેની દુકાનમાંથી બધું ચોરી થઇ ગયું છે. તે ખૂબ દુઃખી થયો અને ચીસ પાડતો

કહેવા લાગ્યો: "યા અબુલ ફઝલ! હું તો તમારું સક્કાખાનું સાફ કરતો હતો, પાણી ભરતો હતો, બરફ મૂક્તો હતો, આપની ખૂબ મહોબ્બત રાખી અને લોકોને આપ અને તમારા ભાઈ હુસૈન (અ.સ.)ની યાદ અપાવતો હતો. તો હવે મારી દુકાન ચોરાઈ જાય એમ કેમ ચાલે ? જો મારી માલમત્તા પાછી ન આવે તો પછી ન હું તમારો અને ન તમે મારા!" એ ક્રોધથી ઘરે પાછો ફર્યો.

બીજે દિવસે જ્યારે તે દુકાને આવ્યો, તો તે જોઈને આશ્ચર્યમાં પડી ગયો કે તેની દુકાનમાંની તમામ વસ્તુઓ પોતાની જગ્યાએ પાછી આવી ગઈ છે અને દુકાનના દરવાજે બે જણા ઉભા હતા. બંનેના ચહેરાનો રંગ પીળો પડ્યો હતો અને બંને ડરેલા હતા.

જેવી તેમની નજર દુકાનદાર પર પડી, તેમણે તેના પગ પકડી લીધા અને કહ્યુ:

"માફ કરો સાહેબ! (આકા હઝરત અબુલફઝલ (અ.સ.))એ તમારી ખુશાનુદી અને રઝામંદી માગી છે. નહીતર અમારી હલાકત નક્કી છે!"

(કરામાતે અબ્બાસીય્યાહ મોઅજીઝાતે અબુલ ફઝલ અબ્બાસ (અ.સ.)
બાદ અઝ શહાદાત, અલી મીર ખલફ્ઝાદે)

## બની હાશીમના શહીદ : 8 મૌલા અબ્બાસ (અ.સ.) ના મસાએબ

મૌલા અબ્બાસ (અ.સ.)ફરમાવે છે કે આકા! એક આંખમાં ખૂન છે, એક આંખમાં તીર છે. અગર આપ ખૂન સાફ કરી દો તો હું જતા જતા આપની ઝિયારત કરી લઉ. 'કુમ' માં કોઈ ઝાકીરે આ રિવાયત પઢી તો એક બુઝુર્ગ આલીમે દીને તે ઝાકીરને ટોક્યા કે આવી રિવાયત ન પઢો, તે આલીમે દીન કે જેણે ઝાકીરને ટોક્યા હતા, તેઓ કહે છે કે મેં રાત્રે ખ્વાબમાં હઝરત અબ્બાસ (અ.સ)ને જોયા. પછી તેમણે મને પૂછયું: શું તમે કરબલા હતા? તમને ખબર છે તીરનો કીસ્સો શું છે? મેં કહ્યું: નહિ.

હઝરત અબ્બાસ (અ.સ)એ કહ્યું: હું તમને બતાવું કે ખરેખર શું થયું. જ્યારે મારા બન્ને બાઝુઓ કલમ થઈ ગયા તો અચાનક એક તીર આંખમાં લાગ્યું. અગર મારો હાથ હોત તો હું હાથથી તે તીર નિકાળી દેત, પણ હાથ તો કપાઈ ગયા હતા તો પહેલાં મેં સરને હલાવ્યું કે કદાચ આનાથી તીર નીકળી જાય છતાં પણ તીર ન નીકળ્યું. પછી મેં સરને જુકાવ્યું કે જેથી ઝાનુંથી દબાવીને સરને ઉપર ઉઠાવું કે જેથી તીર નીકળી જાય કે એટલામાં પાછળથી એક ગુર્ઝ પડ્યો, મારું (હઝરત અબ્બાસ (અ.સ)નું) સર ફાટી ગયું.

ઈમામ હુસૈન (અ.સ) પોતાના ઝાનું પર હઝરત અબ્બાસ (અ.સ)નું સર રાખીને વાતો કરી રહ્યા હતા, એટલામાં મૌતનો પસીનો હઝરત અબ્બાસ (અ.સ)ની પેશાની પર આવ્યો. એક હિચકી લીધી અને રૂહ નીકળી ગઈ. રિવાયત કહે છે કે જેવી હઝરત અબ્બાસ (અ.સ)ની રૂહ નીકળી, ઈમામ હુસૈન (અ.સ) તડપી ગયા. ઈમામ હુસૈન (અ.સ)એ પોતાનું સર જમીન પર રાખ્યું પછી ઉભા થયા. હવે પોતાની કમર પર હાથ રાખીને આસ્માન તરફ નજર કરી અને ફરમાવતાં હતા: અલ આન ઈન કસર ઝહરી, ભાઈ મારી કમર તૂટી ગઈ.

પછી પોતાને હઝરત અબ્બાસ (અ.સ)ની લાશ પર પછાડી દે છે. એક વખત નહી, આવું ઘણી વખત થયું. વારંવાર ઉઠે છે, આસ્માન તરફ નજર કરે છે અને પોતાને હઝરત અબ્બાસ (અ.સ)ની લાશ પર પછાડી દે છે અને કહે છે:

ભાઈ, મારી કમર તૂટી ગઈ.... ભાઈ, મારી કમર તૂટી ગઈ.....

અમુકે આ પણ લખ્યું છે કે હઝરત અબ્બાસ(અ.સ.)નું બદન ટુકડે ટુકડા થઈ ગયું હતું જેથી ઈમામ હુસૈન(અ.સ.) કત્લગાહ (કતલની જગ્યાથી) શહીદોની લાશો સુધી ન લાવી શક્યા.

(અદ-દમઅતુસ્સાકેબા ભાગ-૪, પા-૩૨૪)

## મજલીસ 9

## હઝરત ઝહરા (સ. અ.)થી તવસ્સુલ અને સખ્ત દર્દથી શિફા મળી

રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે: **ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્નજાત**. યકીનન ઈમામ હુસૈન (અ.સ.) હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. શોહદાએ કરબલાનો અલ્લાહની નઝદીક અઝીમ મકામ છે. તેમાં મૌલા અબ્બાસ અ.સ. કે જે બાબુલ હવાએઝ છે. તેમની બારગાહમાં કરેલી દુઆ જરૂર કબુલ થાય છે. અલ્લાહની બારગાહમાં દુઆ માટેનો બેસ્ટ વસીલો છે.

જનાબ આકાએ શૈખ અબ્દુન્નબી અન્સારી દારાબી, જે કુમના હૌઝાના આલિમો માંથી છે, તેમની પાસેથી કેટલાક અજીબ બનાવો જાણવા મળે છે, જેમાંથી એક હું અહીં તેમના પોતાના લખાણોમાંથી ટાંકી રહ્યો છું:

"એક વર્ષથી મને તીવ્ર માથાનો દુખાવો અને ચક્કર આવવાની બીમારી હતી. હું શિરાઝમાં ત્રણ વખત, કુમમાં પાંચ વખત અને તેહરાનમાં ત્રણ વખત ઘણા ડોક્ટરો પાસે ગયો અને ઘણી દવાઓ અને ઈન્જેક્શન લીધા, પરંતુ આ બધાથી ક્યારેક જ રાહત મળતી હતી, અને ફરીથી બીમારી પાછી આવી જતી હતી.

એક રાત્રે, નબળાઈ હોવા છતાં, હું ખૂબ મુશ્કેલીથી નમાઝ (જમાત) માટે આયતુલ્લાહ બહજત સાહેબની મસ્જિદમાં ગયો, જેઓ તે સમયના પ્રખ્યાત આલિમો માંથી એક છે. નમાઝ દરમિયાન મારી હાલત ખૂબ જ ખરાબ હતી, તેથી મારા એક મિત્રને ખબર પડી અને તેણે પૂછ્યું: 'શું તમે ખૂબ જ અસ્વસ્થ છો?' મેં કહ્યું: 'એક વર્ષથી મારી આ જ હાલત છે, અને હું જેટલા ડોકટરો પાસે ગયો અને દવાઓ લીધી, તેની કોઈ અસર થઈ નથી.'

તે પોતે પણ આલીમ હતા, તેમણે કહ્યું: 'આપણી પાસે ખૂબ સારા ડોકટરો છે, તમે તેમની પાસે જાઓ.' હું તરત જ સમજી ગયો, અને તેમણે

આગળ ઉમેર્યું કે: 'તમે હઝરત ઝહરા (સ.અ.)થી તવસ્સુલ કરો, તમને ચોક્કસ શિફા મળશે.'

તેમની વાતની મારા પર ખૂબ અસર થઈ અને મેં તવસ્સુલ કરવાનો નિર્ણય કર્યો. હું એ જ અસ્વસ્થ હાલતમાં રસ્તા પર આવ્યો, જ્યાં બીજા એક આલિમ સાથે મુલાકાત થઈ, જેમણે પણ મને તવસ્સુલ કરવા માટે પ્રોત્સાહિત કર્યો. પછી હું હઝરત મઅસૂમા(સ.અ.)ના હરમ પર ગયો અને પછી ઘરે આવીને એક ખૂણામાં એકલાએ તવસ્સુલ અને રડવાનું શરૂ કર્યું અને હઝરત ઝહરા(સ.અ.)ને વસીલો બનાવ્યા અને પછી સૂઈ ગયો.

અડધી રાત પસાર થઈ ગઈ હતી, મેં સ્વપ્નમાં જોયું કે એક મજલીસનું આયોજન થયું છે અને કેટલાક સૈયદો તેમાં હાજર હતા અને તેમાંથી એક ઊભા થયા અને મારા માટે દુઆ કરી.

સવારે હું ઊઠ્યો, મેં મારું માથું હલાવ્યું, તો જોયું કે માથાનો દુ:ખાવો અને ચક્કર આવવાના કોઈ આસાર ન હતા. હું ખૂબ ખુશ થયો અને તરત જ ખુશી સાથે મારા મિત્રોને મળ્યો અને કેટલાક લોકોને આમંત્રણ આપ્યું અને ઘરમાં મજલીસ અને માતમનું આયોજન કર્યું. અને ઈન્શાઅલ્લાહ હું આ મજલીસ અને માતમને જીવનના અંત સુધી ચાલુ રાખીશ. અને હવે આ બનાવને લગભગ આઠ મહિના થઈ ગયા છે, અલ્હમ્દો લિલ્લાહ મારી તબિયત ખૂબ સારી છે અને મારી તૌફીક ઘણી વધી ગઈ છે, અને હું સંપૂર્ણ ઉમ્મીદ સાથે દર્સ અને તબ્લીગના કામમાં મશ્ગુલ રહ્યો અને છું."

(કરામાતે ફાતેમીય્યા, દાસ્તાન નં.10)

## <u>યા હઝરતે અબ્બાસ (અ.સ.) મદદ કે લિયે આઓ</u>

ખુર્રમાબાદ શહેરના એક ટીચર મોહમ્મદ કરીમ મોહસીની પોતાના દોસ્ત આકા અહમદ કાવૂસીના હવાલાથી આ રીતે વર્ણન કરે છે:"કેટલાક વર્ષો પહેલા હું રજા લઈ અહવાઝ જઈ રહ્યો હતો. રસ્તામાં એક ખતરનાક

જગ્યા છે જેને 'તંગ ફની' કહે છે. ત્યાં મેં એક ગાડી જોઈ જેનો આગળનો ભાગ ખૂબ જ ખતરનાક રીતે ઊંડી ખીણના કિનારે લટકતો હતો! જે થોડાક જ ધક્કાથી સીધી ખીણમાં પડવાનો હતો!

અમે કાર ઊભી રાખી અને આ આશ્ચર્યજનક દ્રશ્ય જોયું. એ વખતે મેં જોયું કે એક પરિવાર એ ગાડી પાસે બેઠો છે અને ખુશીથી કબાબ ખાઈ રહ્યો છે! જેવા અમને જોયા, તેમણે ખૂબ જ ખુશદિલી અને ઈમાનદારીથી અમને પણ જમવા માટે બોલાવ્યા અમે તેમનો આવકાર સ્વીકાર્યો અને કારમાંથી ઊતર્યા.

થોડી વાર પછી મેં પુછ્યું: "તમારો શું મામલો છે? ગાડી આમ કેવી રીતે લટકી ગઈ?" તે કુટુંબમાંથી જે પિતા હતા તેણે જવાબ આપ્યો:"હું પહેલા ખ્રિસ્તી હતો, અને આ મારો પરિવાર છે. અમે મુસાફરીમાં હતા. જ્યારે આ પહાડીના ઉતાર પાસે પહોંચી ગયા, ત્યારે ગાડીની બ્રેક ફેલ થઈ ગઈ અને ગાડી ગતિમાં આવી ગઈ!

મને કંઈ સમજ પડતું નહોતું. અમે બધા દુઆ કરવા લાગ્યા: હઝરત ઈસા (અ.સ.), હઝરત મુસા (અ.સ.) અને બીજા પયગંબરોને પોકાર્યા... પણ કોઈ અસર ન થઈ

ગાડી ખીણના કિનારે પહોંચી ગઈ. જીવન અને મરણ વચ્ચેનો એ ક્ષણ હતો... અમે સમજ્યા કે હવે અંત સમય આવી ગયો છે! એ સમયે, મારી નાની દીકરીએ જોરથી પોકાર્યું: 'યા હઝરત અબ્બાસ (અ.સ.)!' અને... તરત જ ગાડી અટકી ગઈ!! એવું લાગ્યું કે કોઈ ખૂબ જ શક્તિશાળી હાથે અમારી ગાડીને પકડી લીધી છે! અમે મૃત્યુથી બચી ગયા!

પછી, અમે તરત જ એક મોટા શીઆ આલિમ પાસે ગયા અને છેવટે આખો પરિવાર મળીને દીન-એ-મુબારક ઈસ્લામ કબૂલ કર્યો અને ખરા દિલથી તેને માન્યું. આજે મેં એક કુરબાની જે મેં હઝરત અબ્બાસ (અ.સ.)ના

નામે મન્નત કરી હતી, તે કુરબાન કર્યું છે. મારો પરિવાર આ નઝરી કબાબના સુફરા પર બેસેલો છે. અમે અહીં રસ્તે ચાલનારાઓને બોલાવીએ છીએ અને હઝરત અબ્બાસ (અ.સ.)ની આ અજબ કરામત વિશે જણાવીએ છીએ અને જમવાની દાવત આપીએ છીએ."

(કરામાતે અબુલ ફઝલ અબ્બાસ અ.સ પેજ ૯૧-૯૩, )

## <u>બની હાશીમના શહીદ : ૭ હઝરત અલી અસ્ગર (અ.સ.)</u>

ઈમામ હુસૈન(અ.સ.) તંબુમાં આવ્યા અને ઝયનબ (સલા.)થી ફરમાવ્યું: મારા સૌથી નાના બાળકને લાવો, ઝયનબ(સલા.)એ બાળકને ઈમામ હુસૈન(અ.સ.)ને આપ્યું. હિશામ બિન મહંમદ કલ્બીએ વર્ણન કર્યું છે કે જ્યારે ઈમામ હુસૈન(અ.સ.)ને લાગ્યું કે ઉમરે સઅદનું લશ્કર આપનું લોહી વહાવીને રહેશે તો આપ(અલ.)એ કુરઆન લીધું, ખોલ્યું, માથા પર રાખ્યું અને ફરમાવ્યું : અય લોકો! મારા અને તમારા દરમિયાન અલ્લાહની કિતાબ અને મારા નાના રસુલુલ્લાહ(સ.અ.વ.) છે. તમે કઈ વસ્તુથી મારૂં લોહી હલાલ સમજી રહ્યા છો ?

આ દરમિયાન રડવાની અવાજ સાંભળી, બાળકને હાથો પર લઈને આવ્યા અને ફરમાવ્યું : અય લોકો ! જો મારા પર રહેમ નથી કરતા તો આ દૂધ પીતા બાળક પર રહેમ કરો. આ દરમિયાન ઉમરે સઅદના લશ્કરમાંથી એક વ્યક્તિએ તીર મારીને માસુમ બાળકને કતલ કરી નાખ્યું. આ હાલત જોઈને ઈમામ હુસૈન(અ.સ.) રડી પડ્યા અને ફરમાવ્યું : અય અલ્લાહ અમારા અને આ કોમ દરમિયાન ઈન્સાફ કરજે કે તેમણે દઅવત આપીને અમને બોલાવ્યા, અમારી મદદનો વાયદો કર્યો અને હવે અમારા પર તલવાર ખેંચી છે.

અમુકે વર્ણન કર્યું છે કે આસમાનથી અવાજ આવી અય હુસૈન(અ.સ.)! બાળક અમને આપી દો કે જન્નતમાં તેના માટે દૂધ પીવડાવવાની વ્યવસ્થા છે. (તઝકેરતુલ ખવાસ પા-૧૪૩)

બાળકની શહાદત પછી ઈમામ હુસૈન(અ.સ.)એ તંબુની પાસે તલવારથી નાની કબ્ર ખોદી અને આ સ્થિતિમાં જ બાળકને દફન કરી દીધું. (અબસારૂલ ઐન પા-૨૪) વર્ણન થયું છે કે બાળકની નમાઝે જનાઝા પઢી અને બાળકને લોહી લુહાણ સ્થિતિમાં દફન કર્યું.

(નફસુલ મહમૂમ પા-૩૫)

## મજલીસ 10

## અઝાદારી એ નજાતનો બેહતરીન ઝરીયો છે

રસુલે ખુદા(સ.અ.વ.) ફરમાવે છે: **ઈન્નલ હુસૈન મીસ્બાહુલ હોદા વ સફીનતુન્નજાત**. યકીનન ઈમામ હુસૈન (અ.સ.)હિદાયતનો ચિરાગ અને નજાતની કશ્તી છે. શોહદાએ કરબલાનો અલ્લાહની નઝદીક અઝીમ મકામ છે. તેમાં મૌલા અબ્બાસ અ.સ. કે જે બાબુલ હવાએઝ છે. તેમની બારગાહમાં કરેલી દુઆ જરૂર કબુલ થાય છે. અલ્લાહની બારગાહમાં દુઆ માટેનો બેસ્ટ વસીલો છે. આવો એક વાકેઓ સાંભળીએ..

સુરૂરુલ મોઅમેનીન કિતાબના લેખક લખે છે કે એક આલીમે દીન એક દિવસ સુતી વખતે વિચારો કરી રહ્યા હતા,મૌત અને કબ્રની હાલત અને નજાતના વસીલાના બારામાં ફિક્ર કરી રહ્યા હતા. પહેલા પોતાની નમાઝ અને ઈબાદતને બક્ષિસનો વસીલો સમજ્યો. પરંતુ ઈન્સાફની નજરે જોયું તો એક સજદો પણ અલ્લાહની બારગાહમાં કબૂલ થયો હોય એવું લાગ્યું નહીં. પછી રોઝાની તરફ ખયાલ કર્યો તેને પણ ખાલી ભૂખ અને તરસ પામ્યા. ત્યાર પછી હજનો વિચાર કર્યો તેને પણ શોહરતનો સબબ સમજી રિયાથી ખાલી ન પામી

આખરે વિચાર્યું કે ઈમામ હુસૈન (અ.સ.)ની મુસીબત ઉપર રોવુ અને રોવડાવવું નજાતનો સબબ છે કારણકે ઈમામના જદ્દે બુઝુર્ગવારે ફરમાવ્યું

હતું કે જે કોઈ  ઈમામ હુસૈન (અ.સ.) પર રડે અથવા રડાવે અથવા રોવા જેવી સુરત બનાવે તો તેના ઉપર જન્નત વાજીબ છે..

**<u>મન બકા અવ અબ્કા અવ તબાકા વજબત લહુલ જન્નત</u>**

અલ્લાહનો શુક્ર બજાવી લાવ્યો કે મારાથી ઘણી વાર આ નેક અમલ થયો છે, દિલને ચેન મળી ગયું અને પછી તે આલીમ સુઈ ગયા. ખ્વાબની અંદર જોયું કે પોતે ગુજરી ગયા છે, ઘરના બધા રોઈ રહ્યા છે અને ગુસલ કફન આપી જનાઝો કબર સુધી લઈ ગયા, દફન કરી દીધા કબ્રની એકલતા અને દોસ્તોથી જુદાઈના લીધે આલીમ કહે છે કે હું બેચૈન હતો.

એવામાં મુન્કિર અને નકીર આગના ગુર્જ લઈને કબ્રમાં જાહેર થયા એક પછી એક સવાલો કરવા લાગ્યા તારો ખુદા કોણ છે ? તારા રસુલ કોણ છે? તારી કિતાબ કઈ છે? તારો દીન કયો છે? મેં જવાબો દીધા. એવામાં જોયું કે પૂરી કબ્ર  નૂરથી પ્રકાશિત થઈ ગઈ. ફરિશ્તા અદબથી ઊભા રહી ગયા અને ખામોશ થઈ ગયા મને આશ્ચર્ય થયું મેં કહ્યું ઈમામના બારામાં સવાલ કેમ નથી કરતા ?

તે વખતે તેઓએ મારા સિરહાના તરફ ઈશારો કર્યો મેં ફરીને જોયું તો એક નૂરાની હઝરત જેમની પેશાની ૧૪મીના ચાંદની જેમ ચમકતી હતી પરંતુ તેમનું બદન મુબારક તીરોથી ભરેલું હતું.  તેઓએ મુનકીર નકીરને ફરમાવ્યું કે  આ શખ્સ અમારો અઝાદાર છે, તેની સાથે મોહબ્બતથી પેશ આવજો અને મને મહેરબાની પૂર્વક કહ્યું તું પરેશાન ન થા, અલ્લાહની રહેમતથી ઉમેદવાર રહજે . આટલું કહીને  નજરોથી ગાયેબ થઈ ગયા પછી હું ખ્વાબમાંથી બેદાર થયો  અને તાઝીયાદારી અને અઝાદારીમાં મારો અકીદો ખૂબ વધી ગયો.

(શહાદતુલ અવલીયા, હાજી નાજી સાહેબ, તવઝીહુલ અઝા)

## બની હાશીમના શહીદ : ઈમામ હુસૈન(અ.સ.)

વિદાય માટે ઈમામ હુસૈન(અ.સ.) તંબુમાં આવ્યા અને ફરમાવ્યું :

"અય સકીના, અય ફાતેમા, અય ઝયનબ, અય ઉમ્મે કુલસુમ, તમારા પર મારા છેલ્લા સલામ !"

સકીનાએ રોઈને કહ્યું : બાબા ! શું મરવા માટે જઈ રહ્યા છો? ઈમામ હુસૈન(અ.સ.)એ ફરમાવ્યું : કઈ રીતે ન જઉં કે હવે કોઈ મદદગાર નથી. સકીનાએ કહ્યું : બાબા ! અમને અમારા દાદાના હરમમાં પાછા પહોંચાડી દો.

ઈમામ હુસૈન(અ.સ.)એ ફરમાવ્યું : આપ(અ.સ.)ની આ વાતો સાંભળીને હરમમાં રૂદન અને ફરીયાદની અવાજ બુલંદ થવા લાગી. ઈમામ હુસૈન(અ.સ.)એ તેમને તસલ્લી આપી અને ઉમ્મે કુલસુમને સંબોધીને ફરમાવ્યું : બહેન, હું તમને વસીય્યત કરૂ છું કે હોશ ન ગુમાવશો. તે જ વખતે સકીના રડતાં રડતાં ઈમામ હુસૈન(અલ.) પાસે આવ્યા. સકીનાથી આપને ખૂબ જ મોહબ્બત હતી. છાતીથી લગાવી અને આંસુ સાફ કરીને ફરમાવ્યું : અય સકીના, મારી શહાદત પછી તારે ઘણુ રડવું પડશે. તારા આંસુઓથી મારૂં દિલ ન તડપાવો. મારી જીંદગીમાં ન રડો અને જ્યારે શહીદ થઈ જાઉં તો મારા ગમમાં બેસશો. (નફસુલ મહમૂમ પા-૩૪૬)

ઈમામ મોહંમદ બાકિર(અ.સ.)થી વર્ણન છે કે જ્યારે ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદતનો સમય નજીક આવ્યો તો આપે ફાતેમા કુબરાને બોલાવ્યા અને તેમને એક બંધ પત્ર આપ્યો અને અમુક વસીય્યતો કરી, પછી ફાતેમા કુબરાએ તે પત્ર અલી ઇબ્નુલ હુસૈન(અ.સ.)ને આપ્યો અને તેમનાથી અમારા સુધી પહોંચ્યો છે.

(બિહારૂલ અનવાર ભાગ-૪૬, પા-૧૭)

## <u>ઈમામ હુસૈન(અ.)ની જંગ</u>

ત્યાર પછી ઈમામ હુસૈન(અ.સ.) ખુલ્લી તલવાર લઈ દુશ્મનની સામે ઉભા થયા અને આ શેઅર પઢ્યા :

હું બની હાશિમ ખાનદાનનો પાક, પાકીઝા અલીનો દીકરો છું. મારા ગર્વ માટે આટલું પૂરતું છે કે મારા નાના રસૂલે ખુદા(સ.અ.વ.) છે જે જમીન પર ચાલવાવાળાઓમાં સૌથી શ્રેષ્ઠ છે. મખ્લૂક દરમિયાન અમે અલ્લાહનો જ્વલંત દીવો છીએ. મારી વાલેદહ ફાતેમા બિન્તે રસૂલ(સ.અ.વ.) છે. મારા કાકા જઅફર છે જેમને અલ્લાહે બે પાંખ આપી. અમારા દરમિયાન અલ્લાહની સાચી કિતાબ નાઝિલ થઈ. અમારા દરમિયાન હિદાયત અને વહ્યનો સારી રીતે ઝિક્ર થાય છે. તમામ લોકો માટે અમે અલ્લાહનું આશ્રયસ્થાન છીએ. અમે આ જાહેરમાં અને છુપી રીતે બયાન કરીએ છીએ. અમે હૌઝે કૌસરના માલિક છીએ. અમે અમારા દોસ્તોને રસુલ(સ.અ.વ.)ના પ્યાલાથી સંતૃપ્ત કરીશું અને આ વાતનો કોઈ ઈન્કાર નથી કરી શકતો. અમારા શીઆઓ બેહતરીન તાબેદાર છે અને કયામતના દિવસે અમારા દુશ્મનો નુકસાનમાં રહેશે. (અલ-એહતેજાજ ભાગ-૨, પા-૧૦૩)

પછી મુકાબલા માટે અવાજ આપી. જે પણ આપથી મુકાબલા માટે આવતો હતો તેને હલાક કરી નાખતા હતા. એટલે સુધી કે દુશ્મનના ઘણા બધા સિપાહીઓને જહન્નમમાં પહોંચાડી દીધા. લશ્કરની જમણી તરફ હુમલો કર્યો

હું હુસૈન ઈબ્ને અલી છું. મેં કસમ ખાધી છે કે હું પોતાને તમારા હવાલે નહીં કરૂં. હું મારા વાલિદના ખાનદાનનો બચાવ કરીશ અને નબીના દીનનું અનુસરણ કરીશ. (મકતલુલ હુસૈન(અ.સ.) મુકર્રમ પા-૨૭૪)

લખ્યું છે કે ઈમામ હુસૈન(અ.સ.)એ દુશ્મનોની ફોજમાંથી ઝખ્મીઓ સિવાય ૧૯૫૦ને કતલ કર્યા. એટલે સુધી કે ઉમર બિન સઅદે બુમો પાડીને

કહ્યું : તબાહી છે તમારા પર ! જાણો છો કોની સાથે જંગ કરી રહ્યા છો ? આ અરબોને કતલ કરનારા અલી ઈબ્ને અબીતાલિબ(અલ.)ના ફરઝંદ છે. તેમના પર ચારેય તરફથી હુમલો કરો. આ સાંભળી ૧૮૦ નેઝા ચલાવનારા અને ૪૦૦૦ તીરઅંદાજોએ આપ પર હુમલો કર્યો.

(મનાકિબ ઈબ્ને શહરઆશુબ ભાગ-૪, પા-૧૧૦)

ગરમીની સખ્તી અને જંગના કારણે આપ થાકી ગયા હતા. જેથી એક ઘડી શ્વાસ લેવા માટે રોકાયા કે એક પથ્થર આપ(અ.સ.)ની પેશાની પર વાગ્યો. પોશાકથી લોહી સાફ કરવા ઈચ્છતા હતા કે ઝહેરમાં ડુબેલું ત્રણ ભાલનું તીર મુબારક છાતી પર અને અમુક રિવાયતો પ્રમાણે દિલ પર વાગ્યું.

ઈમામ હુસૈન(અ.સ.)એ ફરમાવ્યું : બિસ્મિલ્લાહે વ બિલ્લાહે અલા મિલ્લતે રસુલિલ્લાહી. આસમાનની તરફ મોઢું કર્યું અને કહ્યું : અય અલ્લાહ ! તું જાણે છે કે આ લોકો કોને કતલ કરી રહ્યા છે કે જેના સિવાય જમીન પર કોઈ ફરઝંદે રસુલ(સ.અ.વ.) નથી. ત્યાર પછી પીઠની તરફથી તીર ખેંચી લીધું. લોહી પરનાલાની જેમ વહેવા લાગ્યું. લોહી હથેળીમાં લીધું અને આસમાનની તરફ ફેંકી દીધું જેનું ટીપું પણ જમીન પર પાછું ન આવ્યું. પછી લોહી મુઠ્ઠીમાં લઈ અને તેને મોં પર લગાવ્યું અને ફરમાવ્યું : આ જ હાલમાં મારા નાના રસુલ(સ.અ.વ..)ની મુલાકાત કરીશ અને કહીશ, અય અલ્લાહના રસુલ ! મને આ ગિરોહે કતલ કર્યો છે.

(બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૫૩)

જ્યારે પુષ્કળ ઝખ્મો અને પ્યાસની સખ્તીથી ઈમામ હુસૈન(અ.સ.) કમજોર થઈ ગયા તો શિમ્રે પોતાની ફૌજને કહ્યું : હવે શું રાહ જોઈ રહ્યા છો? હુસૈન(અ.સ.) ખૂબ જ ઝખ્મી છે. ભાલાઓથી તેમને શહીદ કરી દો. તમારી માં તમારા ગમમાં રડે, એમના પર ચારેય તરફથી હુમલો કરો!

ત્યાર પછી દરેક તરફથી ઈમામ(અ.) પર હુમલા થવા લાગ્યા. હસીન બિન તમીમે આપ(અ.)ના મોઢા પર એક તીર માર્યું અને અબુ અય્યુબ ગનવીએ આપના ગળા પર તીરથી કાણું પાડી દીધું. ઝરઆ બિન શરીકે ઈમામ(અ.સ.)ના બાજુ પર વાર કર્યો, સનાન બિન અનસે આપ(અ.સ.)ની પવિત્ર છાતી પર ભાલો માર્યો. સાલેહ બિન વહબે એક ભાલો આપ(અ.સ.)ના પહેલુમાં માર્યો, જેનાથી જમીન પર પડી ગયા, ફરી બેઠા થયા અને ગળાથી તીર કાઢ્યું, તે સમયે ઉમર બિન સઅદ ઈમામ(અ.સ.)ની નજીક આવી ગયો. (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૫૫) શીમ્રે મલઊને આપને શહીદ કરી દીધા.

## મજલીસ 11

## હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.)ના મોઅજીઝા...

હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.)ના પાક શરીરના અમુક મોઅજીઝાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ક્યારેક આપ(સ.અ.વ.) માટી પર ચાલતા તો તેમાં આપના મુબારક પગના નિશાન બનતા ન હતા અને ક્યારેક ખડકો પર મુબારક પગ રાખતા જતા હતા અને નિશાન બનતા જતા હતા. જ્યારે સહાબીઓએ આ વિશે પૂછ્યું તો આપે ફરમાવ્યું કે મને સંપૂર્ણ ઈખ્તેયાર છે કે ક્યાં મારા પગનું નિશાન રહે અને ક્યાં ન રહે. જેને પગના નિશાન પર સંપૂર્ણ ઈખ્તેયાર હોય તો તેને દિલો પર કેટલું ઈખ્તેયાર હશે?

આપ(સ.અ.વ.)ના મુબારક બદનથી જે પાણી સ્પર્શ થતું તે પાણી, શિફાનું સબબ બનતું. એટલા માટે જ્યારે આપ વુઝુ કરતા હતા ત્યારે સહાબીઓ આપના મુબારક બદન પરથી વુઝુના પાણીને જમીન પર પડવા દેતા ન હતા અને તેને તબર્રૂક તરીકે પોતાની પાસે રાખી લેતા હતા. આ

પરથી તબર્રૂકના ઈન્કાર કરવાવાળાને બતાવી દો કે સહાબીઓ તબર્રૂકમાં માનતા હતા.

જ્યારે કોઈ બીમાર વ્યક્તિ આપની પાસે આવતો તો આપ પોતાનું મુબારક થૂંક તેને લગાવી દેતા હતા અને તેને શિફા મળી જતી હતી. અગર કૂવાની અંદરનું પાણી સૂકાઈ જતું તો આપ પોતાનું મુબારક થૂંક નાખતા અને કૂવો પાણીથી ભરાઈ જતો. અને અગર પાણી ખારું હોતું તો તે મીઠું થઈ જતું. જેના મુબારક થૂંકની અસર એટલી હોય તેના ખૂનમાં  અસર કેટલો હશે?

આપની પેશાની પરથી એટલું નૂર નીકળતું હતું કે રસુલે ખુદા સ.અ.વ.ની પત્નીઓ કહે છે કે દિવસ દરમીયાન કોઈ સોય ખોવાઈ જતી તો અમે રાત થવાની રાહ જોતા હતા કારણ કે રાત્રે હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) તશરીફ લાવતા હતા. જે દિવસના અંજવાળામાં સોય મળતી ન હતી તે રાતના અંધકારમાં આપની પેશાનીના નૂર થકી મળી જતી હતી. તો લોકોને કહો, હવે હિમ્મત હોય તો કહો કે મોહમ્મદ(સ.અ.વ.) અમારી જેવા છે.

જ્યારે આપ રસ્તા પર ચાલતા તો તમામ મખ્લુકાત આપની તાઝીમ માટે જુકી જતી હતી. જ્યાંથી આપ પસાર થતા ત્યાંના ઝાડ આપની તાઝીમ માટે જુકી જતા હતા. જ્યારે આપ પત્થરને હાથમાં રાખતા તો તે તસ્બિહ કરવા લાગતા હતા તો પછી એ મુસલમાનો તેની તો તાઝીમ કરો કે જેની હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.)એ પરવરીશ કરી છે.

જ્યારે લોકો ભેગા થઈને આપની સાથે સફર પર જતા ત્યારે જ્યાં આપ સૂતા તો લોકો એ જોઈને કહી દેતા કે અહીં મોહમ્મદ(સ.અ.વ.) સૂતા છે જ્યારે કે આપ માથાથી લઈને પગ સુધી આખું શરીર ઓઢીને સૂતા હતા, કારણ કે આપના શરીર પરથી નૂર છલકાતું હતું. તો પછી મને કહેવા દો કે મોહમ્મદ(સ.અ.વ.)ને શબે હિજરત કોઈને પોતાના બિસ્તર પર સુવરાવવા

હોય તો કોઈ એવા વ્યક્તિને સુવરાવશે કે જેના પરથી એવુંજ નૂર છલકાતું હોય. આ જોઈને મુશ્રીકો કહેતા કે હજી અહીં મોહમ્મદ(સ.અ.વ.) સૂઈ રહ્યા છે.

આપ(સ.અ.વ.)ના મુબારક બદન પરથી ખાસ ખુશ્બુ આવતી હતી. જ્યાંથી પસાર થતા તો ત્યાંના મુશ્રીકો તે ખુશ્બુ સૂંઘીને કહી દેતા કે અહીંથી મોહમ્મદ(સ.અ.વ.) પસાર થયા છે.તો હવે સમજમાં આવ્યું કે હદીસે કિસાઅમાં ઈમામ હસન(અ.સ.)અને ઈમામ  હુસૈન(અ.સ.) જ્યારે ઘરમાં આવ્યા તો જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ને કહ્યું: "ઈન્ની અશમ્મો ઈન્દકે રાએહતન તય્યેબતન કઅન્નહા રાએહતો જદ્દી રસુલીલ્લાહે સલલ્લાહો અલયહે વ આલેહી" "અય માદરે ગિરામી, આપની પાસેથી એવી ખુશ્બુ આવી રહી છે જેવી નાના રસુલુલ્લાહ(સ.અ.વ.)ના શરીર પરથી ખુશ્બુ આવે છે."

આપ(સ.અ.વ.)ના મુબારક બદન પર ક્યારેય માંખી, મચ્છર વિગેરે બેસતા ન હતા. જ્યારે સહાબીઓએ આપને આ વિશે પૂછ્યું તો આપે ફરમાવ્યું: મારી ચારેય બાજુ એક હિસાર (આડ) છે, જેના કારણે તેઓ બધા મારી નજદીક નથી આવતા. તેઓ બધાને પણ ખબર હતી કે ક્યાં બેસવાનું છે.

મક્કામાં ઘણા ખરા લોકો કહેતા હતા કે જે મિમ્બરમાં હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.) બેસતા તેમાંથી ઘણા સમય સુધી રડવાની અવાજ સંભળાતી હતી. જ્યારે આ બાબતે હઝરત અલી(અ.સ.)ને પુછવામાં આવ્યું તો આપ(અ.સ.)એ ફરમાવ્યું: આ મિમ્બર, હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.)ને યાદ કરે છે.

આપ(સ.અ.વ.) જે જાનવર પર સવાર થતા તે ક્યારેય વૃદ્ધ થતું નહીં. જે ઘોડા પર એક વખત સવારી કરતા તે વૃદ્ધ થતો નહીં. તો હવે કોઈ વાંધો ઉઠાવે કે ઘોડાની સરેરાશ ઉમ્ર ૪૦ વર્ષની હોય છે તો પછી હઝરત રસૂલે

ખુદા(સ.અ.વ.)નો ઘોડો કેવી રીતે કરબલાના મૈદાનમાં હોય શકે? તો એ લોકોને બતાવી દો કે આ આપ(સ.અ.વ.)નો જીવતો મોઅજીઝો હતો કે આપ જે કોઈ પણ સવારી પર એક વખત સવાર થતા તો તે જવાન રહેતી હતી.

રિવાયતમાં છે કે અમુક લોકોનું કહેવુ હતું કે આપની પુશ્ત પર મહોરે નબુવ્વત હતું. જ્યારે હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.)એ ખુત્બાએ ગદીરના અંતે કહ્યું અગર મેં ક્યારેય કોઈ પર ઝુલ્મ કર્યું હોય તો આજે મારાથી બદલો લઈ લે. તો એક સહાબી ઊભો થયો અને કહ્યું યા રસુલુલ્લાહ! આપે મને એક વખત ચાબુક માર્યો હતો. આપે ફરમાવ્યું મને કોઈ વાત યાદ આવતી નથી કે જ્યારે મેં કોઈના પર ઝુલ્મ કર્યો હોય. તેણે કહ્યું નહીં તમે મને ચાબુક માર્યું હતું. પછી આપે બીજા સહાબીને કહ્યું તેને ચાબુક આપી દો અને પછી તે સહાબીને કહ્યું આવો અને મારી પુશ્ત પર ચાબુક મારો. તેણે કહ્યું નહીં, તે સમયે મારી પુશ્ત પર કોઈ કપડું ન હતું, આપ પોતાનું કુર્તુ હટાવી દો.આપે કહ્યું મારું કુર્તુ હટાવી દો. જેવું આપનું કુર્તુ હટાવવામાં આવ્યું તે સહાબી જૂક્યા અને પુશ્તને બોસો આપવા લાગ્યા અને મોહરે નબુવ્વતને ચૂમ્યું. પછી કહ્યું યા રસુલુલ્લાહ! મને માફ કરશો, હું ખોટું બોલ્યો હતો.આપે ક્યારેય મને ચાબુક નથી માર્યો, હું તો ફક્ત આપની પુશ્ત પર  મોહરે નબુવ્વતની ઝિયારત કરવા ચાહતો હતો એટલા માટે મેં ખોટું બોલ્યું.

(મૌલાના સૈયદ અલી રઝા રીઝવી સાહેબની મજલીસમાંથી)

## <u>બની હાશીમના શહીદ : 11 અબ્દુલ્લાહ બિન ઈમામ હસન(અ.સ.)</u>

ઈબ્ને ઝિયાદના લશ્કરે ઈમામ હુસૈન(અલ.)ને ચારેય તરફથી ઘેરી રાખ્યા હતા. અબ્દુલ્લાહ બિન હસન(અલ.) જે હજુ બાલિગ પણ ન થયા હતા. ઈમામ હુસૈન(અલ.) પાસે પહોંચવા માટે ઘણી ઉતાવળ કરતા હતા. ઝયનબે કુબરા(સલા.) તેમને જવા દેવા ન ઈચ્છતા હતા પરંતુ તે ન માન્યા અને કહ્યું : અલ્લાહની કસમ હું મારા કાકાથી કદી પણ અલગ ન થઈશ.

આ દરમિયાન બહર બિન કઅબ "એક કથન મુજબ હુરમુલા બિન કાહિલે" તલવારથી ઈમામ હુસૈન(અલ.) પર હુમલો કર્યો. અબ્દુલ્લાહે તેને કહ્યું : અય બદકાર સ્ત્રીના દીકરા તુ મારા કાકાને શહીદ કરવા ઈચ્છે છે ? તે બદબખ્તે તલવારથી અબ્દુલ્લાહ પર હુમલો કર્યો. જેનાથી તેમના હાથ કપાઈ ગયા અને ચામડી સાથે લટકી ગયા. બાળકે અવાજ આપી યા ઉમ્માહ (અય માં) !

ઈમામ હુસૈન(અ.સ.)એ બાળકને આગોશમાં લીધો અને ફરમાવ્યું : ભત્રીજા ! આ મુસીબત પર સબ્ર કરો અને અલ્લાહથી અજર અને સવાબની ઉમ્મીદ રાખો જેથી તે તમને તમારા નેક પૂર્વજો પાસે મોકલી આપે. તે જ સમયે હુરમુલા બિન કાહિલે એક તીર માર્યું અને બાળક કાકાની ગોદમાં શહીદ થઈ ગયું. (અલ-મલહૂફ પા-૫૧)

## મજલીસ 12

## રસુલ (સ.અ.વ.)નો અમામો અને સાઈલનું કર્ઝ અદા થવું

કિતાબ મિફતાહુલ જન્નહમાં છે કે એક દિવસ હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.) મીમ્બર પર તકરીર કરી રહ્યા હતા. એ સમયે એક અરબી આવ્યો, જેની બન્ને આંખો અંધ હતી. તેણે ક્હ્યુ: યા રસૂલુલ્લાહ સ.અ.વ. ! હું ભૂખ્યો છું, મને સયરાબ કરો અને મારા ઉપર ૭0 દીનારનું કર્ઝ છે, એ પણ ચુકવી આપો.

તે સમયે રસૂલુલ્લાહ (સ.અ.વ.) પાસે કંઈ નહોતુ. સહાબીઓ તરફ ફરીને ફરમાવ્યું: આ અરબીને ખુશ કરો અને તેનું કર્ઝ ચુકવી આપો. તમામ સહાબીઓ ચૂપ રહ્યા. ત્રણ વાર ફરમાવ્યુ, છતા કોઈએ કંઈ આપ્યું નહીં. પછી નબી સ.અ.વ. એ પોતાનો મુકદ્દસ અમામો સર ઉપરથી ઉતારીને તે અરબીને આપ્યો. તેણે ખુબ જ એહતેરામથી તેને લીધો, તેને ચૂમ્યો અને અને જેવો આંખોથી લગાવ્યો કે  તરત જ તેની બંને આંખો નરગિસના ફૂલ

જેવી નુરાની અને રૌશન થઈ ગઈ. પછી તે અમામાને પેટ સાથે મસ કર્યો તો તેની ભૂખ મટી ગઈ અને એ સચરાબ થઈ ગયો.

તે અરબી જયારે મસ્જિદમાંથી બહાર જવા લાગ્યો, સહાબીઓએ એને કહ્યુ: અમે તારુ કર્ઝ ચુકવી આપીશુ, તું આ અમામો અમને આપી દે. પરંતુ હવે પેલો અરબી તૈયાર થયો નહી. લોકોએ કિંમત વધારીને ત્યાં સુધીકે સિત્તેર હજાર દીનાર સુધી પહોંચાડી, છતા પેલો અરબી માન્યો નહી અને કહ્યુ: પહેલા તો તમારી પાસે સિત્તેર દીનાર પણ નહોતા!!. અંતે તે અમામાને પોતાની છાતી સાથે લગાવીને મસ્જિદમાંથી બહાર નીકળી ગયો.

જયારે મદીનાના દરવાજા સુધી પહોંચ્યો, તે સમયે અબ્દુલ્લાહ બિન સલામ, જે વેપાર માટે શામ ગયા હતા અને ચાલીસ ઊંટ માલ ભરેલા સાથે લાવ્યા હતા, એ મદીનામાં પ્રવેશ્યા. એણે દૂરથી જોયું કે કોઈ આવી રહ્યો છે અને તેની આજુબાજુથી આકાશ સુધી એક નૂર પ્રસરી રહ્યું હતુ. સમજ્યા કે કદાચ રસૂલુલ્લાહ (સ.અ.વ.) અથવા અલીએ મુર્તઝા(અ.સ.) હશે, પરંતુ વધારે નજીક જઈને જોયું તો એ પેલો અરબી હતો, જેણે અમામાને પોતાની છાતી સાથે લગાડી રાખેલ છે અને તેમાંથી નૂર ફેલાય રહ્યું હતું.

અબ્દુલ્લાહે પુછ્યુ: અય અરબી! આ કેવો અમામો છે અને કોનો છે? પેલા અરબીએ જવાબ આપ્યો: આ અમામો રસૂલુલ્લાહ સ.અ.વ.નો છે, અને ત્યારબાદ આખી દાસ્તાન કહી સંભળાવી. તે મોઅમીને કહ્યું: હું માલ સહિત એક ઊંટ તને આપું છું, તેના બદલામાં આ અમામો મને આપી દે. પેલા અરબીએ કહ્યુ: તે હું આપને આપીશ નહી. રસૂલુલ્લાહ સ.અ.વ.ના સહાબીઓએ મને સિત્તેર હજાર દીનાર આપવા તૈયાર હતા, છતા મેં આ અમામો તેમને ન આપ્યો. અબ્દુલ્લાહે ઊંટોની સંખ્યા વધારી, પરંતુ તે માન્યો નહી. અંતે અબ્દુલ્લાહે કહ્યુ: આ તમામ ચાલીસ ઊંટ તેની ઉપર લદાયેલ માલ સાથે તને આપું છું, આ અમામો મને આપી દે, હવે મારી પાસે બીજુ કાંઈ નથી, સિવાય એ ઊંટ કે જેના પર હું સવાર છું. પેલા અરબીએ

કહ્યું: આ ઊંટ પણ મને આપી દો તો આ અમામો તમને આપું.અબ્દુલ્લાહે પોતાની સવારીનો ઊંટ પણ તેને આપી દીધો ત્યારે અરબીએ આ અમામો અબ્દુલ્લાહને આપ્યો અને ઊંટો લઈને ચાલવા લાગ્યો

અબ્દુલ્લાહ અમામો લઈને મસ્જીદે રસૂલુલ્લાહ (સ.અ.વ.) માં આવ્યા. તો તેણે જોયું કે હજી રસૂલુલ્લાહ (સ.અ.વ.) મીમ્બર પર બેઠા છે. અબ્દુલ્લાહે આખી વાત બયાન કરી. રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યુ: હવે જે હાજત ચાહો તે અલ્લાહથી ચાહો. અબ્દુલ્લાહે અમામો હાથમાં લઈ આસમાન તરફ બલંદ કરીને દુઆ માંગી: પરવરદિગારા ! તને આ અમામાના માલિકની કસમ છે, મારા તમામ ગુનાહ માફ કરી દે.

તે સમયે જીબ્રઈલ(અ.સ.) નાઝિલ થયા અને કહ્યું: યા રસૂલુલ્લાહ સ.અ.વ ! અલ્લાહ આપને સલામ કરે છે અને કહે છે: અબ્દુલ્લાહને કહી દો કે કંજૂસાઈથી શા માટે કામ લીધુ? અગર તુ તમામ ઈન્સાન અને જીન્નાતના ગુનાહો માફ કરવાની દુઆ કરત અને મને આ અમામાના માલિકની કસમ આપત, તો હું તે તમામને માફ કરી આપત. (કિતાબ મિફ્તાહુલ જન્નહ)

## <u>બની હાશીમના શહીદ : 12 અબ્દુલ્લાહ બિન અલી(અ.સ.)</u>

તેમની વાલેદહ ફાતેમા ઉમ્મુલ બનીન છે. આપ મૌલા અબ્બાસ (અ.સ.)ના સગા ભાઈ હતા. જ્યારે ઈમામ હુસૈન(અલ.)ના સહાબીઓ અને એહલેબયતમાંથી અમુક લોકો શહીદ થઈ ગયા તો હઝરત અબ્બાસ(અ.)એ પોતાના આ ભાઈઓ કે જે એક માંથી હતા બોલાવ્યા અને કહ્યું : મૈદાનમાં જાઓ.

સૌથી પહેલાં અબ્દુલ્લાહ બિન અલી(અલ.) જે ઉસ્માન અને જઅફરથી મોટા હતા ઊભા થયા. હઝરત અબુલ ફઝલ(અલ.)એ તેમને કહ્યું : ભાઈ મૈદાનમાં જાઓ જેથી અલ્લાહના રસ્તામાં તમને શહીદ જોઉં. તે

મેદાનમાં આવ્યા રજઝ પઢ્યા. તલવારની કળા દેખાડી, જંગ કરી, હાની બિન સબીતે આપના માથા પર તલવારથી વાર લગાવીને શહીદ કરી દીધા.

(અબસારૂલ ઐન પા-૩૪)

## મજલીસ 13

## ઈમામ સજ્જાદ (અ.સ.) ની અતા અને મોઅમીનની મુસીબતનું દુર થવું

શૈખ સદૂક (અ.ર.)એ સનદથી ઝુહરીથી રિવાયત કરી છે કે તેમણે કહ્યું: હું ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.)ની સાથે હતો ત્યારે એમની પાસે એક મોઅમીન શીઆ ભાઈ આવ્યા અને અરજ કરી: "અય અલ્લાહના રસૂલના ફરઝંદ ! મારા પર ચારસો દીનારનું કર્ઝ છે અને હું તેને અદા કરી શકું એમ નથી. મારે ઘણા ફેમિલી મેમ્બર પણ છે. મને છૂટકારાનો કોઈ રસ્તો દેખાતો નથી." ઈમામે જેવી આ વાત સાંભળી તરત જ આંખોમાંથી આંસુ વહાવવાનું શરૂ કર્યું.

રાવી એ પુછ્યું: " ફરઝંદે રસુલ, તમે કેમ રડી રહ્યા છો?" ઈમામે કહ્યું : "પડેલી મુશ્કેલીઓ અને મુસીબતો પર રડવા સિવાય બીજું શું કરી શકાય?" એ વખતે બધાએ કહ્યું: "હા, ખરેખર આવી સ્થિતિમાં રડવું જ આવે."

પછી ઈમામે કહ્યું : "મારી દ્રષ્ટિએ સૌથી મોટી મુસીબત તો એ છે કે કોઈ મોઅમીન ભાઈની તકલીફ જોવ છું અને હું એ તકલીફ દૂર કરવામાં અસમર્થ છું."

રાવીએ કહ્યું: થોડીવાર પછી જ્યારે એ મોઅમીન અને બીજા લોકો બહાર નીકળી ગયા, ત્યારે ઈમામના વિરોધીમાંથી એક એ વાતની મજાક ઉડાવતાં બોલ્યો: "વાહ! આ કેટલાં અજબ-ગજબ લોકો છે! એ દાવો કરે

છે કે આસમાન અને ઝમીન પર તેમનો હુકમ ચાલે છે અને એમની દુઆ કદી રદ્દ થતી નથી! પણ એક ગરીબને મદદ પણ ન કરી શક્યા!"

એ મોઅમીન એ મેણું સહન ન કરી શક્યો. પોતાની મુશ્કેલી ભૂલી ગયો અને પાછો ઈમામ પાસે આવીને એ વિરોધીની ફરિયાદ કરી. ઈમામે કહ્યું :"ચિંતા ન કરો; તમારું રિઝ્ક ખુદા તરફથી નક્કી થઈ ગયું છે (અને એ વિરોધીને એવો આઘાત મળશે જે તેને શાંત કરી દેશે)." પછી ઈમામે પોતાની કનીઝને કહ્યું કે સેહરી અને ઈફતારના માટે જે બે રોટલીઓ રાખી છે, એ લઈ આવો. તેણે રોટલીઓ લાવી અને ઈમામે તે મોઅમીનને આપતાં કહ્યું :"ભાઈ, અમારી પાસે અત્યારે બીજી કોઈ વસ્તુ નથી. મહેરબાની કરીને આ લઈ જાવ. ખુદાવંદ તમારી હાલત સુધારશે અને તમારા રિઝ્કમાં વધારો આપશે."

એ મોઅમીને રોટલીઓ લીધી અને ઘર તરફ ગયો, પણ મનમાં વિચારતો રહ્યો કે હવે શું કરવું? એક તરફ પરિવારની હાલત અને કર્ઝની ચિંતા, અને બીજી તરફ શૈતાનના વસવસા. એ વિચારવા લાગ્યો કે માત્ર બે રોટલીઓથી શું ફાયદો? તે વિચારીને એક રોટલી માછલી વેચનાર પાસે લઈ ગયો, જેની પાસે એક વાસી માછલી હતી, જે કોઈ લેતું ન હતું. તેણે રોટલી આપીને તેના બદલે એ માછલી ખરીદી લીધી.

પછી એ મોઅમીન નમકના વેપારી પાસે ગયો. ત્યાં પણ શુદ્ધ મીઠું નહોતું. તેણે પુછ્યું: "શું તમે આ રોટલીના બદલે થોડું મીઠું આપશો?" તેણેકહ્યું: "હા." એ રીતે તેણે રોટલી આપીને નમક લીધું અને ઘરે ગયો.

જ્યારે તેણે માછલી કાપી, તો એમાંથી બે કિંમતી મોતી નીકળ્યા. તેણે ખુદાવંદનો શુક્ર અદા કર્યો. થોડીવાર પછી માછલી અને મીઠાના વેપારીઓ એના દરવાજે આવ્યા અને કહ્યું:"મહેરબાની કરીને તમારી રોટલીઓ પાછી લઈ લો, એટલી બધી કડક છે કે ખાઈ પણ શકાતી નથી અને તમે ગરીબ છો એટલે માછલી અને મીઠું પણ રાખી લ્યો."

એ મોઅમીને  એમનો આભાર માન્યો. એ વેપારીઓ ચાલ્યા ગયા. થોડી વાર પછી કોઈ એ  દરવાજો  ફરી ખખડાવ્યો  જોયું તો ખબર પડી કે ઈમામ ઝૈનુલ આબેદીન (અલૈહિસ્સલામ) ના ખાદિમ છે. તેણે કહ્યું કે: "ઈમામે કેહરાવ્યુ છે કે અલ્લાહ તઆલાએ તમારી મુશ્કેલી દૂર કરી છે અને તમારી આર્થિક સ્થિતિ સુધારી છે. હવે મહેરબાની કરીને રોટલીઓ પાછી આપો , કારણકે એ રોટલીઓ અમારી સિવાય બીજું કોઈ ખાઈ શકતું નથી."

તે શખ્સે મોતીઓને ઉંચા ભાવે વેચી દીધા અને પોતાનું બધું કર્ઝ ચૂકવી દીધું. ખુદાવંદે  આલમે પોતાના ફઝલનો દરવાજો ખોલી દીધો અને તે પૈસાદાર થઈ ગયો. (અમાલી-એ-સદુક, પેજ ૩૬૭, મદીનતુલ મઆજીઝ ભાગ 2 ઉર્દુ)

## બની હાશીમના શહીદ : 13 ઉસ્માન બિન ઈમામ અલી(અ.સ.)

બની હાશીમના શહીદો માં મૌલા અબ્બાસ (અ.સ.)ના સગા ભાઈ ઉસ્માન બીન અલી અ.સ. મેદાનમાં આવ્યા. અબ્દુલ્લાહ બિન અલી(અ.સ.) પછી આપ  મેદાનમાં આવ્યા. અબસારૂલ ઐનના લેખકે આ જુવાનની ઉમર ૨૩ વરસ કહી છે અને આ જ સહી લાગે છે. કેમ કે તેમના ભાઈ જઅફર તેમનાથી નાના હતા તે ૨૧ વરસના હતા.)

અને આ રજઝ પઢ્યા : હું ગર્વ કરનાર ઉસ્માન છું. મારા શેખ "વાલિદ" પાક ચરિત્રવાળા અલી છે. જે દરેક ગાએબ અને હાજરના દરમિયાન હિદાયત કરવાવાળા નબી (સ.અ.વ.)ના ભાઈ છે."

આપે બહાદુરીથી જંગ કરીને ૮૭ કાફીરોને જહન્નમ વાસિલ કર્યા. પછી ખૂલી બિન યઝીદે એક તીર મારી તેમને શહીદ કરી દીધા. અમુકે લખ્યું છે કે આ તીરના વાગવાથી આપ જમીન પર પડ્યા તો બની અબાનમાંથી એક વ્યક્તિએ હુમલો કરીને શહીદ કરી દીધા અને શરીરથી માથુ અલગ કરી

દીધું. (નફસુલ મહમૂમ પા-૩૨૭.) હઝરત અલી(અ.સ.)થી રિવાયત વર્ણન થઈ છે કે આપ(અ.સ.)એ ફરમાવ્યું: મેં આ બાળકનું નામ મારા ભાઈ ઉસ્માન બિન મઝઉનના નામ પર રાખ્યું છે.)

## મજલીસ 14

## અલ્લામા અમીનીએ કાગળ પર યા અલી લખ્યું કે જેનાથી મરીઝને શિફા મળી ગઈ

અલ્લામા અમીની(અ.ર.)એ નક્લ કર્યું છે કે એક દિવસ હું મારા એક દોસ્તને મળવા ગયો કે જે એહલે સુન્નતના આલિમોમાંથી હતા. જ્યારે મેં તેમના ઘરનો દરવાજો ખટખટાવ્યો, તે સમયે અંદરથી ખુશી અને આનંદનો અવાજ આવતો હતો, પણ દરવાજો ખુલતાં જ અવાજ બંધ થઈ ગયો.

અંદર જતા મારા દોસ્તે કહ્યું: 'મારી એક દિકરી છે જેને મિર્ગી (વાય)ની બિમારી છે. જ્યારે જ્યારે તેને આ તકલીફ થાય છે, ત્યારે એક દુઆ લખનાર આવે છે અને દુઆ લખે છે. થોડી વાર પહેલા તેને ફરી તકલીફ થઈ હતી અને અમે એક વ્યક્તિને તે દુઆ લખનારને બોલાવવા મોકલ્યો હતો. જ્યારે તમે દરવાજો ખટખટાવ્યો, તો મારો પરિવાર એવું સમજ્યો કે એ દુઆ લખનાર આવી ગયા છે, એટલે ખુશી વ્યક્ત કરી હતી.'

મેં કહ્યું: 'હું એક દુઆ લખી આપું છું, તે દુઆથી તમારી દિકરી સારી થઈ જશે.' પછી મેં કાગળ પર "યા અલી" લખ્યું અને કહ્યું કે આ કાગળને દિકરીના જમણા હાથ પર બાંધી દો. દિલમાં મેં મૌલા અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.)થી તવસ્સુલ કર્યું કે મને શરમીંદા થવા નહિ દેતા . તે દુઆ દિકરીના જમણા હાથ પર બાંધવામાં આવી અને તે દિકરી પહેલાની જેમ જ સાજી થઈ ગઈ."

(જુરએ નૌશે ગદીર, પાના નંબર ૧૧૦)

બીજો એક વાકેઓ જોઈએ.

એમાદુદ્દીન તબરી ઈમામી તેમની કિતાબ 'બશારતુલ મુસ્તુફા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)'માં લખે છે કે : એક દિવસ હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ) બહુજ ખુશ થતા થતા હઝરત અલી (અલય્હિસ્સલામ) પાસે આવ્યા અને સલામ કરી. હઝરત અલી અલય્હિસ્સલામ)એ સલામનો જવાબ આપ્યો અને અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! આજે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) વધારે પડતા ખુશ નજર આવો છો. આ પહેલાં મેં આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ને આટલા ખુશ કયારેય જોયા નથી

આં હઝરત (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી સલ્લમ)એ ફરમાવ્યું : અલી! હું તમને ખુશખબર સંભળાવવા આવ્યો છું. હમણાં જિબ્રઈલ નાઝિલ થયા હતા અને તેઓએ કહ્યું કે અલ્લાહ આપને સલામ કહે છે અને ફરમાવે છે કે આપ (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) અલી (અલય્હિસ્સલામ)ને બશારત આપો કે આપ (અલય્હિસ્સલામ)ના તમામ શિઆઓ ફરમાબરદાર હોય કે ગુનેહગાર તમામે તમામ જન્નતી છે. હઝરત અલી (અ.સ.) આ શબ્દ સાંભળતાની સાથે જ સિજદામાં ઝુકી ગયા અને સિજદો કર્યા

પછી બંને હાથ બુલંદ કરીને કહ્યું : પરવરિદગાર! ગવાહ રહેજે કે મેં મારી અડધી નેકીઓ શિઆઓને આપી દીધી. ઈમામ હસન (અલય્હિસ્સલામ)એ પણ સિજદો કર્યો અને કહ્યું : ખુદાયા! ગવાહ રહેજે, કે મેં મારી અડધી નેકીઓ મારા વાલીદના શિઆઓને આપી દીધી.ઈમામ હુસૈન(અલય્હિસ્સલામ)એ પણ સિજદો કર્યો કહ્યું : ખુદાયા! ગવાહ રહેજે, કે મેં મારી અડધી નેકીઓ મારા વાલીદના શિઆઓને આપી દીધી.આ સાંભળીને પયગંબર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું : તમે મારાથી વધારે સખી નથી. મેં પણ મારી અડધી નેકીઓ

અલી (અલય્હિસ્સલામ)ના શિઆઓને આપી દીધી છે.એ અરસામાં રબ્બુલ ઈઝ્ઝતે ફરમાવ્યું : તમારી સખાવત અને કરમ મારા કરતાં વધારે નથી. મેં અલી (અલય્હિસ્સલામ)ના શીઆઓના ગુનાહોને માફ કરી દીધા.

**<u>બની હાશીમના શહીદ : 14 ઔન બિન અબ્દુલ્લાહ બિન જઅફર</u>**

આપ અકીલએ બની હાશિમ ઝયનબ બિન્તે અલી ઈબ્ને અબીતાલિબ (અ.સ.)ના દીકરા છે.

"જો તમે મને નથી ઓળખતા તો જાણી લો કે હું જઅફરે તૈયારનો પૌત્ર છું. જે શહીદે સિદક જન્નતમાં છે. લીલા રંગની પાંખોથી જન્નતમાં પરવાઝ કરે છે. અને કયામતના દિવસે આટલો શરફ, ઈઝ્ઝત કાફી છે."

દુશ્મનના ત્રણ સવાર અને અઢાર પગપાળા સિપાહીઓને હલાક કર્યા. અબ્દુલ્લાહ બિન કતનાએ તેમના પર હુમલો કર્યો અને તલવારથી શહીદ કરી દીધા.

(અબસારૂલ ઐન પા-૩૯)

## મજલીસ 15

## હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયતથી કેન્સરથી શિફા

રાવી બયાન કરે છે કે લગભગ ૨૫ વર્ષ પહેલાં, મારા જમાઈની માઁને લ્યુકેમિયા (બ્લડ કેન્સર) થયું હતું. તેણીની સગી બહેનને પણ આ બીમારી થઈ હતી અને તે ૭ વર્ષમાં જ અવસાન પામી હતી.

આ બીમારીના લક્ષણો જોઈને તેણીને પોતે શંકા થઈ કે આ બ્લડ કેન્સર છે અને તેણીએ ડૉક્ટરને પૂછ્યું: “શું આ બીમારી, લુપસ છે?” ડૉક્ટરે વિચાર્યું કે દર્દી પોતે જ ડૉક્ટર છે અને તેને બીમારીની ખબર છે, તેથી તેણે કહ્યું: “હા."

લુપસ એક પ્રકારનું બ્લડ કેન્સર છે જે અંતે મૃત્યુ તરફ લઈ જાય છે. આ બીમારીની છેલ્લી હાલતમાં, શરીરની નાની નસો ફાટી જાય છે અને ગળામાંથી ઘણું બધું લોહી બહાર આવે છે અને દર્દી ફક્ત ૫ મિનિટથી પણ ઓછા સમયમાં મૃત્યુ પામે છે. આ બીમારીને જાણી લીધા પછી ૧ વર્ષથી ઓછા સમયમાં તે અંતિમ હાલતમાં પહોંચી ગઈ. તેના માથાના બધા વાળ ખરી ગયા અને કોઈ પણ તેને મળવા આવવા તૈયાર નહોતું.

તેણીને તેહરાનની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી અને તે દિવસે અને દિવસે મૃત્યુની નજીક જઈ રહી હતી.

શાબાન મહિનાના છેલ્લાં દિવસે તેનો દીકરો તબ્લીગ માટે નીકળવાનો હતો. તેણે ટેક્સી બોલાવી, સફરનો સામાન તૈયાર કર્યો અને "કરજ" જવા પહેલા, પોતાની માઁને જોવા તેહરાન રવાના થયો. જ્યારે તે નીકળતો હતો ત્યારે તેને યાદ આવ્યું કે ઘરમાં સૈયદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની તુરબત (પવિત્ર માટી) છે.

તેણે થોડી તુરબત કાગળમાં બાંધી, પોતાની માઁને આપી અને કહ્યું: “માઁ વુઝુની હાલતમાં હશે અને તમારે પણ વુઝુની હાલતમાં રહેવું જોઈએ. માઁનું બિસ્તર, કિબલા તરફ રાખવું જોઈએ અને સૈયદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન(અ.સ.)થી તવસ્સુલ કરવું જોઈએ. જ્યારે હોસ્પિટલમાં લોકો રડી રહ્યા હોય અને દુઆ કરી રહ્યા હોય ત્યારે આ કાગળ ખોલવો જોઈએ અને સૂરએ કદ્ર પઢતા રહેવું જોઈએ. પછી તુરબતને પાણીમાં ભેળવીને તેણીને પીવડાવવી જોઈએ અને સૂરએ કદ્રની સતત તિલાવત કરતી રહેવી જોઈએ."

જ્યારે તે હોસ્પિટલના રૂમમાં પહોંચ્યો ત્યારે તેની માઁની હાલત ગંભીર હતી. તેણીની સામે એક વાસણ રાખવામાં આવ્યું હતું અને તેણીના ગળામાંથી લોહી તેમાં જતું હતું. તેણે આ જ બીમારી અંગે પોતાની માસી સાથે બનેલ બનાવ યાદ આવ્યો અને તેને સમજાયું કે હવે તેની માઁ પાસે

કદાચ ફક્ત ૫ મિનિટથી પણ ઓછો સમય બચ્યો છે. તેણે ઝડપથી કાગળ ખોલ્યો અને તુરબતને તેણીના ગળામાં નાખી દીધી.

તે જ ક્ષણે લોહી વહેતું બંધ થઈ ગયું. તેણીની હાલત ઝડપથી સુધરવા લાગી અને થોડા દિવસોમાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. તેણીના ખરેલા વાળ ફરીથી ઉગવા લાગ્યા અને તેણી સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ ગઈ.

અત્યારે આ બનાવને ૨૫ વર્ષ વીતી ગયા છે અને તેણી પોતાનું ઘરકામ જાતે જ સંભાળે છે અને તે બીમારીનું કોઈ પણ નામો નિશાન બાકી નથી. રાવી અને તેના પરિવાર માટે આ હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયતનો સ્પષ્ટ અને જીવંત પુરાવો હતો. અને બીજા અનેક બનાવોની સરખામણીમાં આ બનાવે તેમના યકીનને વધુ મજબૂત બનાવ્યું. હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની તુરબત, ખરેખર એક અદ્દભુત શિફા આપનાર ચીજ છે.

**<u>બની હાશીમના શહીદ :15. જઅફર બિન અલી (અ.સ.)</u>**

બની હાશીમ માં ઔલાદે અલી અ.સ. જાફર બિન અલી(અ.સ.)જે મૌલા અબ્બાસ(અ.સ.)ના ભાઈ હતા. બહાદુરી થી જંગ કરી.. ભૂખ્યા અને પ્યાસા આ શહીદે પોતાની શહાદત પેહલ  ૨૧૦ જેટલા દુશ્મનોને જહન્નમ વાસિલ કર્યા.  એક ઝાલીમે આપના માથા પર છુપાયને ગુર્ઝ માર્યો , આપ જમીન પર પડી ગયા. અને શહીદ થઇ ગયા.

## મજલીસ 16

## ખાકે શીફાની બરકતથી શિફા

મંગળવાર, ૪/૪/૮૧ (૧૩ રબ્બીઉલ આખર હિ.સ.૧૪૨૩)ના દિવસે, મશહદના પવિત્ર શહેરમાં મરહુમ આયતુલ્લાહ મિસ્બાહની હાજરીમાં

હુજ્જતુલ ઈસ્લામ વલ મુસ્લેમીન આકા સૈયદ હાદી જે આયતુલ્લાહ સિસ્તાનીના ભાઈ છે. તેમણે નીચે મુજબ વાત કરી:

“મારા અગાઉના સફરમાં, આકા મહદી મુન્તખબ (મારા ભાણેજ) એ મને તેના નવા ખરીદેલા બગીચામાં આવવા માટે દાવત આપી હતી. હું મારી સાથે એક બોક્સ લઈને ગયો હતો જેમાં મોહર (નમાઝમાં વપરાતી માટી), તસ્બીહ, તુરબત અને ફુરાત નદીનું પાણી હતું, જે તેને તોહફા તરીકે આપવા માટે રાખેલ હતું. મેં એ બોક્સ એક વૃદ્ધ વ્યક્તિ કે જે તેનો માળી હતો, તેને આપ્યો અને કહ્યું: ‘આ બોક્સ આકા મુન્તખબ માટે છે.’

પછી હું ઉપર ગયો જ્યાં કેટલાક લોકો ભેગા હતા. તેમા એક એવો માણસ પણ હતો જેને કેન્સર હતું અને તેના બધા વાળ ખરી ગયા હતા, પરંતુ તેને પોતાને ખબર નહોતી કે તેને કેન્સર છે. તેણે મને કહ્યું: “હાજ આકા! મને કોઈ એક વાયરસ થઈ ગયું છે જેના કારણે હું આ હાલતમાં આવી ગયો છું. મેં ઘણી વખત ઈમામ અલી રેઝા(અ.સ.)થી તવસ્સુલ કર્યું, પણ કોઈ પરિણામ મળ્યું નહીં.

એક વાર ખ્વાબમાં પણ હું આપ(અ.સ.)ની ખિદમતમાં પહોંચ્યો તો આપ(અ.સ.)એ મારાથી મોઢું ફેરવી લીધું.

જ્યારે મેં આ ખ્વાબ વિશે બીજા લોકોને જણાવ્યું તો તેઓએ કહ્યું: ‘તમારી હાલત યોગ્ય નથી.’ એટલે મેં નમાઝ, રોઝા અને અન્ય ઈબાદતમાં સુધારો કરવાની કોશિશ કરી અને થોડી સુધારણા આવી.

પછી મેં વિચાર્યું કે કોઈ રૂહાની શખ્સિયતની તલાશ કરવી જોઈએ અને વિચાર્યું: ‘આકા મહદી આકા સૈયદ મહમૂદના ભત્રીજા છે, કદાચ તેમની પાસે તેમના ચાચા પાસેથી કંઈક છે, એટલે હું અહીં આવ્યો.

“ગઈકાલે રાત્રે, ખ્વાબમાં હું હઝરત ઈમામ અલી રેઝા(અ.સ.)ની ખિદમતમાં હતો. ત્યાં એક વૃદ્ધ વ્યક્તિ, બોક્સ લઈને ઊભો હતો.

ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું: તમારી શિફા માટેની દવા, આ બોક્સમાં છે. પછી તે વૃદ્ધ વ્યક્તિને ફરમાવ્યું: 'અય ખિજ્ર! આ તુરબતમાંથી તેમને શિફા આપો, જેથી તે પોતાને પાક કરી શકે. આ સાંભળીને સૈયદ હાદીએ કહે છે: મેં તેને કહ્યું: 'એ બોક્સ તો હમણાં અહીં જ છે.'

પછી આકા મહદી ગયા અને બોક્સમાંથી થોડી તુરબત અને ફુરાતનું પાણી લાવ્યા અને દર્દીને આપ્યું.

દર્દીએ કહ્યું: "મારે બોક્સ જોવું છે." દર્દીનો દીકરો ગયો અને તે બોક્સ તેની ફૂઈ પાસેથી લઈને આવ્યો. જ્યારે દર્દીએ એ બોક્સ જોયું તો તેણે કહ્યું: "હા, આ તો એ જ બોક્સ છે."

થોડા સમય પછી, આ દર્દીએ મારા દીકરાને જોયો અને પૂછ્યું: "શું તમે મને ઓળખો છો?" તેણે જવાબ આપ્યો: "ના."

એ દર્દીએ કહ્યું: "હું એ જ બીમાર માણસ છું. તમારા પિતાને કહેજો કે હું સંપૂર્ણ રીતે ઠીક થઈ ગયો છું." સૈયદ હાદી કહે છે ઘણા વર્ષો પછી હું ઈરાન ગયો અને તેના વિશે લોકોને પૂછ્યું. લોકોએ કહ્યું: "તે કેન્સરથી મૃત્યુ પામ્યો છે."

મેં કહ્યું: "આ કેવી રીતે શક્ય છે?"

તેઓએ જવાબ આપ્યો: "તેની આર્થિક સ્થિતિ ખુબજ સારી હતી છતાં તે હંમેશા પોતાની દૌલત વધારવાના વિચારમાં જ રહેતો હતો. તે ઘણી વખત હરમમાં જઈને ઈમામ(અ.સ.) પાસે વધુ દૌલત માટે તલબ કરતો હતો પરંતુ તેને કોઈ જવાબ મળતો નહોતો.

એક દિવસ તેણે હરમમાં ઈમામ(અ.સ.)ને કહ્યું: 'હવે તમે મારી વાત સાંભળતા નથી, તેથી હું હવે તમારી પાસેથી કંઈ પણ નહીં માંગું. જો એ શિફા પણ તમારી તરફથી હોય, તો મને તે પણ નથી જોતી.

તે જ રાત્રે ખ્વાબમાં તે હરમમાં ગયો, પરંતુ જે દરવાજેથી અંદર જવાની કોશિશ કરતો, તે દરવાજો તેના મોઢા સામે બંધ થઈ જતો હતો.

એ જ રાત્રે તેને ફરીથી લોહી વહેવાનું શરૂ થયું, તેની બીમારી પાછી આવી ગઈ. તેને તેહરાન લઈ જવામાં આવ્યો અને પછી ત્યાંથી તેનો જનાઝો પાછો લાવવામાં આવ્યો.

મરહુમ આયતુલ્લાહ હાજી શૈખ મોહમ્મદ હસન મામકાની (હિ.સ.૧૨૩૮-૧૩૨૩)ના સમય દરમિયાન હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના હરમમાં જમીન ધસી પડવાનો બનાવ બન્યો હતો. જેમ સામાન્ય રીતે થાય છે, તે સમયના મોટા આલિમોને કબ્રની મરામતની દેખરેખ સોંપવામાં આવી.

આયતુલ્લાહ મામકાની અને મરહુમ આયતુલ્લાહ દરબંદી બંનેએ સાથે મળીને પવિત્ર કબ્રની મરામતનું કામ હાથમાં લીધું. મરામત દરમિયાન પવિત્ર કબ્રની માટી (તુરબત)માંથી થોડું તેમને આપવામાં આવ્યું.

આ તુરબતનો એક ભાગ, મરહુમ આયતુલ્લાહ હાજી સૈયદ મોહમ્મદ હાદી મિલાની સુધી પહોંચ્યો. મરહુમ આયતુલ્લાહ હાજી સૈયદ મોહમ્મદ અલી રૂઝતી (૧૯૧૯–૨૦૧૩)એ શુક્રવાર ૧૪/૧૧/૮૪ (૪ મોહર્રમ હિ.સ.૧૪૨૭)ના દિવસે આ બનાવ નકલ કર્યો.

"મરહુમ આયતુલ્લાહ મિલાની (હિ.સ.૧૩૧૩-૧૩૯૫)ના સમયમાં, હું પવિત્ર શહેર મશહદ ગયો હતો. મારી મરહુમ સૈયદ મોહમ્મદ અલી મિલાની સાથે દોસ્તી હોવાથી (જેઓ ૭ સફર, હિ.સ. ૧૪૩૨ એ વફાત પામ્યા), હું તેમનો મહેમાન બન્યો. ત્યાં રહેતા રહેતા મને સખ્ત તાવ આવ્યો. મેં તે મહાન મરજાઅને પૂછ્યું: 'શું આ ખરેખર તુરબત છે?' તેમણે જવાબ આપ્યો: 'હા, અહીં તેનો થોડોક ભાગ છે.'

પછી તેમણે આ તુરબતમાંથી થોડોક ભાગ, મારી જીભ પર મૂક્યો અને તે જ ક્ષણે મને સંપૂર્ણ આરામ લાગ્યો. પછી મેં ગુસ્લ કર્યું અને સીધો પવિત્ર હરમમાં ગયો. (જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન અ.સ. પેજ 70: વાકેઆ નં.૧૮, )

## બની હાશીમના શહીદ : 16. મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન જઅફર

અમુકે કહ્યું છે કે તે પોતાના ભાઈ ઔનથી પહેલાં મૈદાનમાં આવ્યા અને આ રજઝ પઢ્યા : "હું આ ગિરોહના ઝુલ્મ અને અત્યાચારની અલ્લાહથી શિકાયત કરીશ.." (વસીલતુદ દારૈન પા-૨૪૯)

દુશ્મનના દસ માણસોને કતલ કર્યા, પછી દુશ્મન પર હુમલો કર્યો. ટુંકમાં આ કે આમીર બિન નહશલ તમીમીએ તેમને શહીદ કર્યા.

(અબસારૂલ ઐન પા-૪૦)

## મજલીસ 17
## એક વેપારીનું ઈમામ અલી રેઝા(અ.સ.)થી તવસ્સુલ અને ઈમામ (અ.સ.)ની મદદ

તેહરાનના એક બહેતરીન ખતીબે મિમ્બર પરથી એક બનાવ કહ્યો કે એક વખત હું મિમ્બર પરથી ઈમામ અલી રેઝા(અ.સ.)ના ફઝાએલ બયાન કરી રહ્યો હતો અને કહી રહ્યો હતો કે ઈમામ અલી રેઝા(અ.સ.)ની ઘણી બધી બરકતો છે અને આપ(અ.સ.) કરીમ છે.

જ્યારે હું મજલીસ પઢીને મિમ્બર પરથી નીચે ઊતર્યો તો એક શખ્સ મારી પાસે આવ્યો અને કહ્યું: મૌલાના સાહેબ! આપે ઈમામ અલી રેઝા(અ.સ.)ની બરકતોને બયાન કરી જ્યારે કે ઈમામ અલી રેઝા(અ.સ.)ની બરકતોને જોઈ છે.

તે ખતીબે, તેને પૂછ્યું: તે કંઈ રીતે ઈમામ અલી રેઝા(અ.સ.)ની બરકતો જોઈ? તે શખ્સે કહ્યું: આથી 30 વર્ષ પહેલાનો બનાવ છે. હું આ તેહરાનનો કામયાબ વેપારી હતો અને મારો વેપાર ખૂબજ ચાલતો હતો. મેં 300 મિલિયનની લોન લીધી, એ વિચારીને કે મારો વેપાર ધીરે ધીરે વધશે અને મને ફાયદો થશે. પરંતુ એવું થયું નહિ અને મારો વેપાર ભાંગી ગયો અને હું ભારે કર્ઝમાં ડૂબી ગયો ત્યાં સુધી કે ઘરમાં એક રૂપિયો બાકી ન રહ્યો. એ સમય પણ આવ્યો કે કર્ઝદારો મારા ઘરે આવતા અને મારી પાસે કર્ઝદારને જવાબ આપવાની હિંમત ન હતી. હું ક્યારેક મારી પત્નીને તેઓને જવાબ આપવા કહેતો. મારી પત્ની તેઓને કંઈને કંઈ બહાનું આપીને તેઓને ઘરેથી રવાના કરતી. આખરે એવો સમય પણ આવ્યો કે તેણી પણ નિરાશ થઈ ગઈ અને કહ્યું કે હવે હું આ લોકોને વધુ જવાબ આપી શકીશ નહીં.

પછી મેં મારી પત્નીને કહ્યું કે મેં મારા ઘણા દોસ્તો અને સગા સંબંધીઓનો સંપર્ક કર્યો પણ કોઈ પાસેથી કંઈ મદદ ન મળી. હવે એક શખ્સિયત બાકી છે કદાચ ત્યાં કંઈ મદદ મળી રહે. મારી પત્નીએ મને પૂછ્યું: એ શખ્સ કોણ છે? મેં જવાબ આપ્યો: મશહદે મુકદ્દસમાં હઝરત ઈમામ અલી રેઝા(અ.સ.)ની પવિત્ર બારગાહમાં કદાચ મદદ મળી રહે.

હવે મારી પાસે તેમની બારગાહમાં જવા માટે પૈસા ન હતા. પછી મેં ત્યાં ફક્ત જવા માટેના પૈસાની વ્યવસ્થા કરી અને આટલું યકીન હતું કે મારા ત્યાંથી પાછા આવવાની વ્યવસ્થા તે આકા અને મૌલા હઝરત ઈમામ અલી રેઝા(અ.સ.) કરશે, કે જેની બારગાહમાં હું જઈ રહ્યો છું.

પછી મેં કંઈકને કંઈક રીતે ત્યાં જવા માટે પૈસા ભેગા કર્યા. અંતે હું મશહદ સવારના સમયે પહોંચ્યો અને ત્યાં પહોંચતા જ સીધો હઝરત ઈમામ અલી રેઝા(અ.સ.)ના હરમમાં ગયો. ત્યાં હું ઈમામ(અ.સ.)થી ઈલ્તેજા કરવા લાગ્યો અને રડીને કહેવા લાગ્યો: મૌલા! હું આપ(અ.સ.) પાસે અહીં

જેમ તેમ આવી તો ગયો છું પણ હવે મારા તેહરાન પાછા જવાની વ્યવસ્થા તમારે કરવાની છે.

પછી બપોરનો સમય થયો તો મેં વિચાર્યું કે બહાર જઈને જમી લવ. જેવો મેં ચપ્પલ લેવા માટે, મારા ખિસ્સામાં ટોકન લેવા માટે હાથ નાખ્યો તો જોયું કે ટોકન પણ ચોરાઈ ગયું હતું અને જમવા માટેની રકમ પણ ચોરાઈ ગઈ હતી.

પછી હું તૂટેલા દિલ સાથે અને નિરાશ થઈને પાછો હરમમાં ગયો અને મૌલાની બારગાહમાં ફરિયાદ કરવા લાગ્યો. પછી મેં વિચાર્યું કે ચાલોને હું તે ચપ્પલવાળાને કહું કે મારો ખિસ્સો કતરાઈ ગયો છે તેથી તે મને મારા ચપ્પલ પાછા આપી દે. આમ વિચારીને મેં ખિસ્સામાં હાથ નાખ્યો તો મેં જોયું કે ટોકન અને બધી રકમ તો ચોરાઈ ગઈ હતી પણ ફક્ત એક સિક્કો બાકી રહી ગયો હતો. આ સિક્કો મારા માટે એક ઉમ્મીદ બની ગયો.

પછી મેં ચપ્પલવાળાને મારો બનાવ જણાવ્યો અને મારા ચપ્પલ લીધા અને બહાર નીકળ્યો. તે સમયમાં સિક્કાવાળા ટેલિફોન ચાલતા હતા, ટેલિફોનમાં સિક્કો નાખો અને વાત કરો. મેં વિચાર્યું કે ચાલોને આ સિક્કાથી જે કોઈને પણ ફોન લાગે તેને લગાડી દવ કે જેથી કંઈક મદદ મળી રહે અને કારણ કે તે મને નથી જાણતો અને હું તેને નથી જાણતો એટલે અગર તે મારી મદદ કરે તો સારું અને અગર મદદ ન કરે તો પણ મને કંઈ શર્મિંદગી નહીં થાય.

પછી હું ટેલિફોન બુથ પર ગયો અને જેમ તેમ આંગળીઓ ફેરવી અને જેને લાગે તેને ફોન લગાડ્યો કે જેથી કંઈ મદદ મળી રહે.

એક શખ્સે ફોન ઉપાડ્યો અને કહ્યું: કોણ? મેં કહ્યું: જુઓ, ન તમે મને ઓળખો છો અને ન તો હું તમને ઓળખું છું. મારે અત્યારે બપોરના જમવા માટે અને તેહરાન પાછા જવા માટે પૈસાની જરૂરત છે. તમે ફક્ત એટલી

વ્યવસ્થા કરી દો. તે શખ્સે કહ્યું: તમે ત્યાં ઊભા રહો, હું થોડીક વારમાં તમારા માટે કંઈક વ્યવસ્થા કરું છું.

થોડી વાર પછી એક બીજો શખ્સ આવ્યો જે એક ડ્રાઈવર હતો અને જે એક મોટી કાર લઈને આવ્યો હતો. તેણે મને કારમાં બેસવા કહ્યું અને તે મને મશહદમાં અહેમદાબાદ નામની જગ્યા પર લઈ ગયો. ત્યાં તે મને એક બહેતરીન બંગલા પર લઈ ગયો કે જેનો માલિક એ જ શખ્સ હતો જેની સાથે મેં ફોનમાં વાત કરી હતી. તેણે મને ખાવાનું ખવરાવ્યું અને ખૂબ સારી મેહમાન નવાઝી કરી. પછી તેણે મને મારો બનાવ જણાવવા કહ્યું. મેં કહ્યું કે અત્યારે તો મારે તેહરાન પાછા જવા માટે પૈસાની જરૂરત છે પણ હું ખરેખર 300 મિલિયન તુમાનના કર્ઝમાં ડૂબેલો છું.

તેણે કહ્યું: હું આ રકમ એટલે કે 300 મિલિયન તને આપવા તૈયાર છું? પણ પછી તારે તારો વેપાર ફરીથી ઊભો કરવા કેટલી રકમની જરૂરત પડશે?

મેં કહ્યું: ૭0 મિલિયન.

પછી તેણે બે ચેક મંગાવ્યા. એક ચેક, 300 મિલિયન અને બીજો ચેક, ૭0 મિલિયનનો બનાવીને પોતાની સહી કરીને મને આપ્યો. પછી કહ્યું: આ 300 મિલિયનથી તો તમારો કર્ઝ તમે ચૂકવી નાખજો પણ આ ૭0 મિલિયન હું તમને કર્ઝ તરીકે આપું છું. અગર તમને વેપારમાં નફો થાય તો મને પાછા આપી દેજો અને અગર ન થાય તો આ રકમ પાછી નહીં આપતા અને સમય દરમિયાન જો બંનેમાંથી એક મૃત્યુ પામે તો આપણે બંને એક બીજાને માફ કરી દઈશું.

જ્યારે તેણે મને એટલી મોટી રકમ આપી ત્યારે મેં તે શખ્સને કહ્યું: શું તમને મારા પર શક નથી થતો કે હું તમારી પાસેથી એટલી બધી રકમ માગું છું, જ્યારે કે તમે આ બાબતે મારી પાસે કોઈ સાબિતી પણ નથી માંગી?

તેણે કહ્યું: બિલકુલ નહીં. મેં કહ્યું: શા માટે?

તેણે કહ્યું: એટલા માટે કે મને ખુદ ઈમામ અલી રેઝા(અ.સ.)એ ખ્વાબમાં આવીને આ બાબતે જણાવ્યું છે. મેં કહ્યું: ઈમામ અલી રેઝા(અ.સ.)એ શા માટે આ બાબત તમને જણાવી ?

તેણે કહ્યું: સાંભળો, મારો એક જવાન દીકરો છે જેને મગજનું કેન્સર થઈ ગયું હતું. મેં બધા ડોક્ટરને તેની સારવાર માટે સંપર્ક કર્યો પણ તેઓ પાસે આનો ઈલાજ ન હતો. પછી હું લંડન ગયો અને ત્યાંના બહેતરીન ડોક્ટરનો સંપર્ક કર્યો. તેમણે કહ્યું આના માટે ૪ રિપોર્ટ કરવા પઢશે. જો ચારેય માંથી એક રિપોર્ટ નેગેટીવ આવશે તો સારું છે પણ જો ચારેય રિપોર્ટ પોઝીટીવ આવશે તો તમારો દીકરો બચી નહીં શકે. જ્યારે ત્રણેય રિપોર્ટ પોઝીટીવ આવ્યા અને જ્યારે ચોથો રિપોર્ટ કાઢવાનો હતો ત્યારે તે ડોક્ટરે મને કહ્યું કે શું તમે કોઈ દુઆ જાણો છો?

મેં કહ્યું કે હું મઝહબી મિજાજનો વ્યક્તિ નથી. શું કરવાનું છે?

તેણે કહ્યું: તમે દુઆ કરતા રહો. અગર તમારા દીકરાની જીંદગી ચાહતા હો તો દુઆ કરો. પછી હું હોસ્પિટલની બહાર આવ્યો અને એક જગ્યાએ બેઠો. ત્યારે એ સમયે બેસીને કહ્યું: યા મૌલા રઝા(અ.સ.)! હું એ વાત માનું છું કે હું આપનો પાક્કો શિઆ નથી, આપનો પાક્કો ચાહવાવાળો નથી. પરંતુ હું મશહદમાં રહું છું અને આપનો પાડોશી છું. હું આપથી વાયદો કરું છું કે અગર આપ મારા દીકરાને જીંદગી અતા કરશો તો હું આપના એક ઝાએરની મુશ્કેલીઓને દૂર કરીશ અને તેની જરૂરિયાતને પૂરી કરીશ.

પછી ચોથો રિપોર્ટ આવ્યો અને તે નેગેટીવ આવ્યો.પછી ધીરે ધીરે તેની સારવાર થઈ અને તેને કેન્સરથી શિફા મળી ગઈ.

પછી હું પાછો મશ્હદ આવ્યો. જ્યારે મેં આ બાબતે પહેલા સંપર્ક કરેલા ડોક્ટરોને જણાવી તો તેઓ બધા નવાઈ પામ્યા અને એમ કહેવા લાગ્યા કે તે આ દર્દી છે જ નહિ (કેમકે તેઓના મત પ્રમાણે તેનો કોઈ ઈલાજ ન હતો).

આ બનાવને ૬ મહિના વીતી ગયા. હું દરરોજ એ વિચારતો હતો કે મૌલા! હું આપ તરફથી કોને પૈસા આપું, કોની જરૂરિયાત પૂરી કરું?

પછી ગઈ રાત્રે ઈમામ અલી રેઝા(અ.સ.) મારા ખ્વાબમાં આવ્યા અને કહ્યું: અય શખ્સ! તમે મારાથી જેના માટે વાયદો કર્યો હતો, તે જરૂરતમંદ શખ્સ આવી રહ્યો છે અને એ શખ્સ અત્યારે રસ્તામાં છે. કાલે બપોરના સમયે તે તમને ફોન કરશે અને તમે તેને કહેજો કે ઈમામ અલી રેઝા(અ.સ.) કરીમ છે.

પછી કહે છે કે હું તમારા ફોનની રાહ જોતો હતો. હવે જ્યારે તમારો ફોન આવ્યો તો હું સમજી ગયો કે નક્કી તમારી જ મદદ કરવા માટે મને ઈમામ અલી રેઝા(અ.સ.)એ ખ્વાબમાં કહ્યું હતું.

એટલે કે તે વેપારી હજી ઈમામ અલી રેઝા(અ.સ.)ના હરમમાં આવ્યો ન હતો અને હજી રસ્તામાં જ હતો ત્યારે જ ઈમામ અલી રેઝા(અ.સ.)એ તેની મદદ માટે વ્યવસ્થા કરી દીધી હતી.

પછી તે વેપારી કહે છે: મેં એ રકમ લીધી. પછી સીધો હું ઈમામ અલી રેઝા(અ.સ.)ના પવિત્ર હરમ પર ગયો  અને ઝરીહ સાથે લિપટી ગયો અને કહેવા લાગ્યો: મૌલા! આપ કરીમ ઈબ્ને કરીમ છો. ખરેખર, મૌલા ઈમામ અલી રેઝા(અ.સ.)નો કરમ, આપણા બધા માટે રહે છે.

(મૌલાના સૈયદ ઝકી હસન સાહેબની મજલીસમાંથી).

## <u>બની હાશીમના શહીદ : 17. અબુબકર બિન ઈમામ હસન(અ.સ.)</u>

આપ હઝરત કાસિમ(અ.સ.)ના સગા ભાઈ હતા. એટલે કે એક બાપ અને એક  માતાથી હતા. ઈમામ મોહંમદ બાકિર(અ.સ.)થી વર્ણન છે કે તેમને ઉકબતુલ અનવાએ શહીદ કર્યા છે. (અબુલ ફરજે લખ્યું છે કે તે કાસિમ(અ.સ.)ની પહેલાં શહીદ થયા પરંતુ તબરી, જઝરી અને શેખ મુફીદે એમની શહાદત કાસિમ પછી લખી છે. (નફસુલ મહમૂમ પા-૩૨૫))

## મજલીસ 18

## અઈમ્મા(અ.મુ.સ.)ની વિલાયતને કબૂલ કરવાનું મહત્વ

એક સાચો શીઆ શખ્સ જેનું નામ મોયસ્સીર હતું. તે કહે છે:હું ઈમામ જઅફરે સાદિક(અ.સ.)ની પવિત્ર ખિદમતમાં હાજર થયો અને અરજ કરી:હું આપ(અ.સ.) પર કુરબાન જાઉ! મારો એક પાડોશી છે જે રાત્રે મને નમાઝ માટે ઉઠાડતો નથી સિવાય કે તેના અવાજ થકી. ક્યારેક તે કુરઆનની તિલાવત કરવામાં અને તેની આયતોને વારંવાર દોહરાવવામાં વ્યસ્ત હોય છે,ખૂબ રડે છે અને ક્યારેક મુનાજાત અને દુઆઓમાં વ્યસ્ત રહે છે.

મેં તેના અખ્લાક અને સ્વભાવ વિશે લોકોને પૂછ્યું તો તેઓએ કહ્યું કે તે દરેક ગુનાહથી દૂર રહે છે. મારો આવો દીનદાર અને પાકીઝા પાડોશી છે.

ઈમામ જઅફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યું: શું તે તમારી જેમ અમારી વિલાયત અને ઈમામતમાં માને છે?  મેં કહ્યું: મને ખરેખર ખબર નથી, અલ્લાહ બહેતર જાણે છે.

હું મારા વતન પાછો ફર્યો. એક વર્ષ પછી હજનો સમય આવ્યો. મક્કા જવાના પહેલા મેં તેના વિષે તપાસ કરી અને જાણ્યું કે તે અઈમ્માએ અત્હાર(અ.મુ.સ.)ની ઈમામતમાં માનતો નથી. હું મક્કામાં ફરીથી ઈમામ જઅફરે સાદિક(અ.સ.)ની પવિત્ર ખિદમતમાં પહોંચ્યો. સલામ-દુઆ કર્યા પછી ફરી મારા પાડોશીના વખાણ કર્યા અને કહ્યું કે તે હંમેશા કુરઆનની તિલાવત, દુઆ અને મુનાજાતમાં વ્યસ્ત રહે છે.

ઈમામ જઅફરે સાદિક(અ.સ.)એ પૂછ્યું: શું તે અમારી ઈમામતમાં માને છે? મેં કહ્યું: ના.હઝરતે ફરમાવ્યુ : અય મોયસ્સીર! કંઈ જગ્યા, બાકી તમામ જગ્યાઓ કરતાં વધુ શ્રેષ્ઠ છે?

મેં કહ્યું:  અલ્લાહ અને તેના રસૂલ અને ફરઝંદે રસુલ બહેતર જાણે છે.

પછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું: અય મોયસ્સીર ! રૂકન અને મકાન (હજરે અસ્વદ અને મકામે ઈબ્રાહીમ વચ્ચે)ની જગ્યા જે ખાનએ કાઅબાની પાસે છે, તે જન્નતના બાગોમાંથી એક બાગ છે અને હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.)ની કબ્ર અને મીમ્બર વચ્ચેની જગ્યા પણ રિયાઝુલ જન્નત - જન્નતના બાગોમાંનો એક બાગ છે. ખુદાની કસમ! અગર કોઈ બંદો લાંબી ઉમ્ર પામે અને ૧ હજાર વર્ષ સુધી રૂકન અને મકાનના દરમિયાન અને હઝરત રસૂલે ખુદા(સ.અ.વ.)ની કબ્ર અને મીમ્બરની દરમિયાન ઈબાદતમાં વ્યસ્ત રહે અને પછી તેને નિર્દોષ રીતે તેને તેના બિસ્તર પર કુરબાનીના બકરાની જેમ ઝબ્હ કરી નાખવામાં આવે અને તે અલ્લાહને આવી હાલતમાં મુલાકાત કરે અને અગર તે અમારી વિલાયતમાં ન માને તો અલ્લાહ તઆલા તેને ઊંધા મોઢે જહન્નમમાં ફેંકી દેશે.

(સવાબુલ આઅમાલ, પેજ નં.૨૦૨-૨૦૩ બેહારૂલ અન્વાર, ભાગ: ૨૭, પેજ નં.૧૭૯)

## <u>બની હાશીમના શહીદ : 18 અબ્દુલ્લાહ બિન અકીલ</u>

તેમને અબ્દુલ્લાહ અકબર કહેતા હતા. મૈદાનમાં આવ્યા, જંગ કરી અને ઉસ્માન બિન ખાલિદ અને કબીલએ હમદાનના એક આદમીના હાથે શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૫૧)


સંદર્ભ પુસ્તકો

1. સહીફે કરબલા ભાગ 1 ગુજરાતી
2. શોહદા એ કરબલા ગુજરાતી
3. મદીનતુલ મઆજીઝ ભાગ 2 ઉર્દુ
4. કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ ફારસી
5. જુર્રેઈ અઝ કરામાતે ઈમામ હુસૈન ફારસી GH BOOK

# **અઝાદારી હદીસો**

1) રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે:

**"ઈમામ હુસૈન (અ.સ.)ની શહાદતના કારણે મોઅમીનોના દીલોમાં આગ લાગેલી છે જે કયારેય ઠંડી નહી પડે."**

(જામેઉ અલ-અહાદીસ, ભાગ-૧૨, પેજ-૫૫૬)

2) ઈમામ અલી રેઝા (અ.સ.) ફરમાવે છે:

**'જે કોઈ આશુરાના દિવસને મુસીબત અને ગમનો દિવસ માને તો કયામતનો દિવસ તેના માટે આરામ અને ખુશીનો દિવસ હશે.'**

(બેહારો અલ-અન્વાર, ભાગ ૪૪, પાના ૨૮૪)

3) હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે:

**'અય ફાતેમા (સ.અ.)! કયામતના દિવસે દરેક આંખ રડનારી છે સિવાય એ આંખ કે જે ઈમામ હુસૈન (અ.સ.)ની મુસીબત ઉપર રડી હશે. કારણ કે તે જન્નતની નેઅમતોથી હસનારી અને ખુશખુશાલ રહેનારી છે.'**

(બેહારો અલ-અન્વાર, ભાગ-૪૪, પેજ ૨૯૩)

4) ઈમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે:

**'કોઈ પણ બંદો એવો નથી કે જેની આંખો અમારી ખાતર આંસુનું એક ટીપું વહાવશે અથવા તો તેની આંખો અમારી ખાતર આંસુઓ વહાવશે સિવાય કે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ તેને તેના કારણે હંમેશાની જન્નત અતા કરશે.'**

(અમાલી એ મૂફીદ અ.ર., પેજ ૩૪૧, હદીસ-૬) (અમાલી એ તૂસી અ.ર., ૫જ-૧૧૭, હદીસ (બેહારો અલ-અન્વાર, ભાગ-૪૪, પેજ-૨૭૯, હદીસ-૮)

5) ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે:

**'દરેક વસ્તુનો એક સવાબ છે સિવાય કે અમારી માટેના આંસુ.'**

(કામિલો અઝ્-ઝિયારાત, પેજ-૧૦૬, હદીસ-૬)
(વસાએલો અશ્-શીઆ, ભાગ-૧૪, પેજ-૫૯૭, દીસ-૧૯૮૯૦)

6) ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે:

**'અય ઝોરારા! આસમાન ચાલીસ દિવસ સુધી ઈમામ હુસૈન (અ.સ.)નાં ગમમાં રડ્યું.'**

(કામિલો અઝ્-ઝિયારાત, પેજ-૮૦, હદીસ-૬)
(બેહોરો અલ-અન્વાર, ભાગ-૪૫, પેજ-૨૦૬, હદીસ-૧૩)

7) ઈમામ જઅફર સાદિક (અ.સ.) ફરમાવે છે:

**'અમારા પર થયેલા ઝુલ્મના કારણે એક દર્દભરી આહ ભરવી તસ્બીહ છે, તેનું અમારી (વિલાયત) માટે ફિકરમંદ રહેવું ઈબાદત છે અને અમારા ભેદોને છુપાવવા અલ્લાહની રાહમાં જેહાદ છે.'**

પછી અબુ અબ્દિલ્લાહ ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું.

**'જરૂરી છે કે આ હદીસને સોનાથી લખી લેવામાં આવે.'**

(અમાલીએ શેખે મૂફીદ અ.ર., પેજ-૨૩૬, હદીસ-3) (અમાલીએ તૂસી અ.ર., પેજ-૧૧૫)

8) ઈમામ અલી રેઝા (અ.સ.) ફરમાવે છે:

**'અય શબીબના ફરઝંદ! અગર તમારે કોઈના માટે રડવું હોય તો ઈમામ હુસૈન બિન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ઉપર રડો કારણ કે આપ (અ.સ.)ને એવી રીતે ઝબ્હ કરવામાં આવ્યા જેવી રીતે ઘેટાને ઝબ્હ કરવામાં આવે છે.'**

(અમાલીએ શેખે સદૂક અ.ર., પેજ-૧30, હદીસ-૫) (ઓયુને અખ્બારે રેઝા, ભા-૧, પેજ-૨૯૯, હદીસ-૫૮) (વસાએલો અશ્-શીઆ, ભાગ-૧૪, પેજ-૫૦૨, હદીસ-૧૯૬૯૪)

ઈમામ જઅફર

સાદિક (અ.સ.) ફરમાવે છે:

**“એવું કોઈ નથી કે જે ઈમામ હુસૈન (અ.સ.) માટે એક શેર પડીને પોતે આપ (અ.સ.) ઉપર રડે અને બીજાને રડાવે સિવાય કે અલ્લાહ તબારક વ તઆલા તેના માટે જન્નતને વાજીબ કરી દે છે અને તેને માફ કરી દે છે.”**

(રેજાલે કશી અ.ર., ભાગ-૨, પેજ-૫૮૫) (રેજાલે શેખ તૂસી અ.ર., પેજ-૨૮૯) (વસાએલો અશ-્શીઆ, ભાગ-૧૪, પેજ-૫૯૪, હદીસ-૧૯૮૮૫) (બેહારૂલ અન્વાર ભા-૪૪ , પેજ-૨૮૩, હદીસ-૧૭)